પ્રકાશક :—
શ્રી સમકિતગચ્છીય
જૈન શ્વેતાંબર મૂ. પૂ. સંઘ
ધાનેરા (બનાસકાંઠા)

પ્રાપ્તિસ્થાન :—

[૧]
શ્રી સમકિતગચ્છીય જૈન ઉપાશ્રય
પો. ધાનેરા (બનાસકાંઠા)
વાયા—ન્યુ ડીસા.

[૨]
શ્રી રાજેન્દ્રસૂરિ
સાહિત્ય પ્રકાશન મંદિર
રતનપોળ, હાથીખાના
અમદાવાદ

[૩]
શાન્તિલાલજી મન્નાલાલજી જૈન
૩૪, ગાંધી ચૌક
બડનગર (મ. પ્ર.)
જિ. ઉજ્જૈન

શ્રી વીર સં. ૨૪૯૨
શ્રી રાજેન્દ્ર સં. ૬૨
વિક્રમ સં. ૨૦૨૨

મૂલ્ય—૨૫ પૈસા



મુદ્રક :—
ગિરધરલાલ ફુલચંદ શાહ
સાધના મુદ્રણાલય
દાણાપીઠ, ભાવનગર

અર્પણ....!

પરમ પૂજ્ય વર્તમાન આચાર્ય દેવશ્રી !
આપની પ્રેરણા,
આપના આશીર્વાદ,
અને
આપની કૃપા.

પવિત્રતાના પમરાટ
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]


[illegible]


ગુરૂદેવ સ્તુતિ

જૈનાચાર્ય બૃહત્તપાગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્રસૂરીશ્વર થે,
વિદ્વત્તા અતિ આપકી વિલસતી થે તત્ત્વદર્શી બડે;
'શ્રી રાજેન્દ્ર સુકોશ' શબ્દ રચના, જૈનાગમોં સે કરી,
મેરી આજ ઉન્હીં વિભુતિ પદ મેં હો વંદના અંજલી.

—શ્રી વિદ્યાચન્દ્રસૂરિ !







સંભારણું

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

દેવડા ઠાકોર હેમરાજભાઈ, ધાનેરાના શ્રી કપુરચંદભાઈ, શ્રી ઉદાચંદ
શેઠ, નેનાવાના શ્રી દલીચંદજી વગેરે પાસેથી મળી છે. પ્રતિષ્ઠોત્સવ
સંબંધી માહિતી સમકિતગચ્છીય શ્રાવકો પાસેથી મળી છે.

જે જેવું મળ્યું તેને ભાષા મારી વાપરીને રોચક બનાવવા
માટે ફક્ત સાધારણ પ્રયાસ કર્યો છે.

મને આ માટે પ્રેરણા આપનાર પૂ. આચાર્યશ્રી, સહપાઠી
મુનિવરોનો સતત ઉત્સાહ મળતો રહ્યો જેથી આ પુસ્તિકાનું સંકલન
થઈ શક્યું, તેથી તેઓશ્રીઓનો આભાર માનું છું.

ધાનેરા શ્રી સમકિતગચ્છીય સંઘે ઉત્સવને યાદગાર રહે તે રીતે
પુસ્તકારૂઢ કરાવ્યો એ બદલ ધન્યવાદ.

અનુમોદનીય કાર્યોની સૌ અનુમોદના કરો એ જ.

જયન્તવિજય
'મધુકર'

રાજેન્દ્ર ભવન
રાણાપુર (મ. પ્ર.)
પ્રથમ શ્રા. સુ. ૧૫
૨૦૨૨

मंजुल कामना

अनूठी भाषामें
मंदिर प्रतिष्ठा' नाम
'मधुकर' लिखित

यह पुस्तक
स्थिति का परिचय
जीवन-लीलाओंका
देती है।

समाज के
करने के लिए आ
भी एक धार्मिक
मुनिश्री जयन्तवि
किया है।

इसी प्रकार
साहित्यकी सौ
करता रहे, यही

श्री राजेन्द्र
राजगढ़ (धार)
श्रावण वदी १३
संवत् २०२

मंजुल कामना

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

मंगल द्वारोद्घाटन

प्रस्तुत पुस्तक का कलेवर पढा ! चित्त में प्रसन्नता हुई कि 'धानेरा' के विषय में अवश्य ही इस पुस्तकने गौरवता के गीत गाये हैं। वैसे भी धानेरानगरी शिष्ट समाजकी छवि है।

मैं भी आचार्यश्री के साथ इसी नगरीका पद यात्री अतिथि बना था। उस समय नगरीकी प्रथम प्रासाद पंक्ति देखकर कालिदास वर्णित उज्जैनी की स्मृति आ गई थी; सचमुच धानेरा की प्रजा प्रवेश समय कितनी कमनीय लग रही थी।

इसी प्रजाने हमारी हार्दिक स्थितिको स्थान दिया, और साहित्य सर्जनता का संकल्प दिया।

मुझे भी जीवनमें प्रथमवार गुरु मंदिर प्रतिष्ठा महोत्सव देखनेका अवसर मिला, और संप्रदायगत क्लेशोंका अवसान-स्थानको स्पर्श करनेका समय मिला।

आज मैं अपने सामने मुनिवर श्री जयंतविजयजी 'मधुकर' लिखित 'सोनेरी संभारणा' (गुरु मंदिर प्रतिष्ठा विषयक) प्रसंगोंका भिन्न भिन्न शीर्षको में मंजुल भाषामें मनोहर वर्णनमें धानेराकी अतीतमयी गाथाओंका लिपिबद्ध दर्शन कर रहा हूँ।

ज्ञानको गौरव बनाने के लिए अथवा कसोटी में कसने

[illegible] के लिए [illegible] के लिए [illegible]
[illegible] होता है ।

[illegible] आवश्यक है और [illegible]
[illegible] है ।

[illegible]
[illegible]
[illegible]
और [illegible] किया ।

[illegible]
[illegible]
[illegible]
[illegible] किया है ।

[illegible] और [illegible]
[illegible] होती है ।

[illegible]
[illegible] है ।

[illegible]
दि. १० [illegible] [illegible]

ઈતિહા
હસ્તિનો ચિ.
ત્યાં થળ અને
સંસારભરમાં
સ્વભાવથી બ:

ત્રણસો
નામની બે પર્દ
ત્રીશ ગામ :
રાજ્યશાસન
રાજ્યશાસકો :

જાલોર
જ્યેષ્ઠ પુત્ર દેવ:
શરૂઆત થઈ.

[1]

કનિદાસના પાને [illegible]

[illegible]

પંદરમી સદીનાં વ્હાણાં વ્હાયાં; સોળમી સદીનો આરંભ થયો. વર્તમાન ધાનેરાની ધરતી તે કાળે સીરોહી રાજ્યની સત્તા તળે હતી. સીરોહીની સત્તા તે વખતે દેવડાઓના હાથમાં હતી. દેવડા પરિવારમાં થયેલ ઠાકોર કરણસિંહજીને ત્રણ પુત્રો હતા. જેમાં આપમલજી સૌ કરતાં મોટા હતા. તેમનું રાજ્ય એ વખતે ધાખામાં રાજધાની સાથે ત્રીશીમાં ચાલતું હતું. વર્તમાન ધાનેરાની ધરતી પડતર હતી તે તેમને આપવામાં આવી.

જેમનામાં પોતાને દૃઢ શ્રદ્ધા હતી એવા જૈન મુનિરાજ (જેમનું નામ અજ્ઞાત છે)ના આશીર્વાદ મેળવીને એ પડતર જમીન ઉપર સોળમી શતાબ્દિમાં ધાનેરા નગરનો વસવાટ શરૂ કર્યો. અને ત્યાં જ પોતાની રાજધાનીની રચના કરી. આ પૂર્વે દેવડાઓની રાજધાની ધાખામાં હતી, જેને ચારે બાજુ ફરતો કાચો કિલ્લો કરેલ હતો.

ત્રીશીની રાજધાની તરીકેનો કીર્તિકળશ ધાનેરા ઉપ[illegible] ઢોળાયો અને ગામની ચારે બાજુ ફરતો મજબુત કિલ્લો પ[illegible] બાંધવામાં આવ્યો. વર્તમાનમાં કિલ્લો નથી પરંતુ તે[illegible] અવશેષ આજ પણ ખોદકામ કરતાં નજરે ચડે છે અને નિક[illegible] છે. એ કિલ્લાને પાંચ દરવાજા હોવાનું અનુમાન છે. જેમાં[illegible] બે દરવાજા પૈકી ધાખાનો દરવાજો ઈ. સ. ૧૯૪૮ અ[illegible] પાલનપુર દરવાજો હઠાવવામાં આવેલ છે. તેમાંથી નિકળે[illegible] પુષ્કળ આરસનો પત્થર તેની ભવ્યતાને પૂરવાર કરે છે.

ધાનેરાના અસ્તિત્વ પછી દેવડા રાજપુતોએ પોતા[illegible] રાજ્યનું કુશળતા અને કુનેહપૂર્વક સંચાલન કરવા માંડ[illegible] વાતવાતમાં દિવસો, મહિના અને વર્ષો વીતી ગયાં. આ ક[illegible] દરમ્યાન ભીનમાલથી નિકળી થરાદ બાજુ ગયેલ જૈન કુટું[illegible]



E

[૮]

સૂચના મળતાં જ લશ્કર એ ત્રણ જણાના પાછળ પડ્યું. આગળ ઘોડેસવારો અને પાછળ નવાબનું લશ્કર! ઘાસચારાના ભરેલાં ત્રણ ગાડા એક પછી એક ઊભેલા હતા, જેમણે બજારનો રસ્તો રોકી રાખેલો હતો. પૂરપાટ જતા ઘોડાઓને અટકાવી દીધા. આગળ જવું મુશ્કેલ છે, એ જાણીને મલ્લુજી આદિ સવારોએ પોતાના જાતવંત ઘોડાઓને લગામ ખેંચીને આગળ વધવા હાકલ કરી. શિક્ષણ પામેલા એ ઘોડા (અશ્વો) ત્રણ ગાડાંને છલાંગ મારી ટપી ગયા અને આગળ વધી ગયા.

લશ્કર આવ્યું અને ઘોડેસવારોની પૂછપરછ કરી, ગાડાવાળાઓએ જવાબ આપ્યો એ મૂછાળાઓને પકડવા હોય તો એ છલાંગ મારીને આગળ વધ્યા તેમ તમે પણ કરો અને આગળ વધો. ગાડાવાળાઓની આવી દૃઢ વાકચતાએ લશ્કરને હતાશ કરી દીધું, લશ્કર પાછું વળ્યું.

રાજ્યભરમાં આવો તરખાટ મચાવનાર આ દેવડાઓને રાજી કરવા માટે વડોદરા સ્થિત પોલિટીકલ એજન્ટના દબાવથી નવાબે મલ્લુજી આદિને પોતાની સમક્ષ બોલાવવાનું નક્કી કર્યું. પરંતુ ભયના માર્યા મલ્લુજી ન ગયા અને તેમના ભાઈ મેઘજી ત્યાં ગયા. નવાબના સાથે સમાધાન થયું. ૨½ ગામની જાગીર આપીને તેમને વસાવ્યા અને છેવટે શાન્તિ કરી.

આમ વર્ષોથી ધાનેરાની ભૂમિ ઉપર અનેક પ્રકારના તડકા–છાંયડા આવ્યા અને ગયા, છતાં ધાનેરા પોતાની ભૂમિ ઉપર અડીખમ ઊભું રહ્યું છે.

ધાનેરાના ઈતિહાસને ઉજ્જવળ કરનારૂં એક પાનું શ્રી નથુશા વારિયાએ ઉમેર્યું છે.

વાતને ૧૦૦ વર્ષ વીતી ગયાં છતાં ઈતિહાસ એને ભૂલી શકતો નથી.

થરાદ (થિરપુરનગર)થી ૫ માઈલ દૂર 'વડગામડા' નામનું નાનકડું ગામ. વારિયા-વારિયા કુટુંબ ત્યાં વસે.

નથુશા એ કુટુંબના સંતાન! દેહ માનવનો હતો! હૈયુ ભગવાનનું હતું! જીવમાત્ર પોતપોતાના આનંદમાં સુખપૂર્વક જીવતા રહે એ ભાવના એમના હાડોહાડમાં વ્યાપેલી હતી.

વય કરતાં વાચા નિર્મળ હતી, દેખાવ કરતાં ભાવના ઉચ્ચતમ હતી.

એક સમય સવારમાં ઓટલે બેસી શેઠ દાતણ કરતા હતા તેટલામાં એક કોળી દેવાભાઈ એનું નામ, હાથમાં બંદુક લઈને પોતાના શિકાર માટે નીકળ્યો! શેઠની નજર તેના ઉપર પડી! પોતાની પ્રવૃત્તિ છોડીને શેઠે તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું—

ભાઈ દેવા! સંસારમાં જન્મનાર દરેકને જીવવાનો હક્ક છે. આમ કોઈને મારવાનું કામ માનવીનું ન કહેવાય એ તો દાનવીનું કામ કહેવાય! તું આ જીવલેણ શસ્ત્રોવડે વનમાં ઘાસચારો ખાઈને જીવનારા જીવોને મારે એ શું આપણા જેવા માનવીને શોભે ખરૂં?

શેઠ! તમે કહો છો એ સાચું છે પરંતુ આ તો અમારો ધંધો કહેવાય! કોળીએ જણાવ્યું.

ભાઈ! ધંધા તો ઘણાય છે. આને જ ધંધો માનીને એ સિવાય બીજા ધંધા માટે તૈયાર ન રહેવું એ ઠીક ન

કહેવાય ! મારૂં માનો તો ભાઈ? આ બંદુકનો ત્યાગ કરી દેવામાં જ સાર છે. આપણને શોભે એ રીતે રહેવામાં જ આપણી મહાનતા છે. શેઠે વળતો જવાબ આપીને તેને સમજાવ્યો.

કોળીએ કહ્યું શેઠ! જેને જે વસ્તુ વ્હાલી છે એનાથી એ વસ્તુનો ત્યાગ થવો ઘણો જ મુશ્કેલ છે. તમને જેમ તમારી પત્ની વ્હાલી છે, છોકરાં છૈયાં વહાલાં છે તેમ મને આ મારી બંદુક વ્હાલી છે.


પણ ભાઈ દેવા ! જે વધારે વ્હાલું હોય એનો ત્યાગ પણ સ્હેલો હોય છે. એથી જ આપણને શૂરવીર કહ્યા છે. એને ત્યાગતાં ય ક્યાં વાર લાગે છે ?

તો શેઠ પહેલાં ત્યાગ કરો અને પછી બીજાને કહો.

જાણે નિશાની ઉપર જ સોગઠી વાગી અને શેઠના હૃદયમાં સળવળાટ થયો. દેવાભાઈ! જો એમ જ છે તો આ ત્યાગ કર્યો બધાયનો. બૈરી અને છોકરાનો ! ઘર બાર અને માલ મિલ્કતનો ! કહેતા ઊભા થયા ! છોડો દેવાભાઈ! હવે તમે તમારી બંદુક ! કહીને શેઠ ઘરમાં ગયા. પોતાની ધર્મપત્નીને ત્યાગી અને ત્યાગ કર્યો સર્વસ્વનો ! ઘર બહાર નીકળી ગયા અને પાદવિહારી બનીને ઉપડ્યા હવે સદ્‌ગુરૂની શોધમાં ! તેમને જીવન સમર્પણ કરી આત્મશ્રેય સાધવાના માર્ગે.

હસતાં હસતાં ખસતા જેવું થયું. કહેતાં કહેવાઈ ગયું દેવાભાઇને ઘણું દુઃખ થયું. ઘણા વાર્યા છતાં નથુશા વારિયા રોકાયા નહિ.

વિક્રમ સં. ૧૮૭૦ના વર્ષે, જેઠમલ વારિયાને ત્યાં કેશરીબાઈની કુક્ષી વડગામડા ગામે નાથુશાનો જન્મ થયેલો.



પ્રાચીનતાનું પ્રતિક શ્રી શાંતિનાથ ભગવાનના દહેરાસરનું ભોંયરૂં
જેમાં શ્રી શાન્તિનાથ ભગવાન બિરાજમાન છે.

યોગ્ય ઉંમરે તેમનું લગ્ન થયેલું. તેમને ત્રણ પુત્ર અને એક પુત્રી મળી ચાર સંતાન હતાં.

પૂર્વના સંસ્કારોએ જબ્બર જોર જમાવ્યું અને નથુશા ત્યાગના પંથે પ્રયાણ કરી ગયા.

બની હતી આ વાત વિક્રમ સં. ૧૯૨૨માં. નાથુશાએ છોડ્યાં ઘરબાર! ગામગામ ચાલતાં ફૂવા થઈને આવ્યા એ ધાનેરા; તે સમયે શ્રી લાલવિજયજી મહારાજ ત્યાં બિરાજેલા, નથુશા ઘરથી નીકળ્યા પછી પૌષધવ્રતમાં રહીને જ દિવસો વ્યતીત કરતા હતા. મહારાજને વિનંતી કરી દીક્ષા આપવાની! મહારાજે ઘરવાળા દરેકની આજ્ઞા લાવવા કહ્યું. પરંતુ આ વાત તો સંભવિત નહોતી.


પરિણામ સ્વરૂપ મહારાજશ્રીની મૂર્તિ હૃદયમાં ધારણ કરીને પોતે ગામ બહાર પાસેના જંગલમાં ગયા અને પરોક્ષ રીતે ગુરૂની સાક્ષી લીધી, સંલેખના કરી અને કર્યું અનશનવ્રત.

ચાતુર્માસનો એ સમય હતો. ભાદરવા વદિ ૨ શનિવારથી અનશન ચાલુ કર્યું અને ૭૨ દિવસ સુધી એ ચાલ્યું. કારતક વદિ ૧૨ બુધવારના રોજ અનશન પૂરૂં થયું. એમનો આત્મા અમરલોકનો અતિથિ બન્યો. સંઘે ભવ્ય વરઘોડા સાથે તેમના પાર્થિવ દેહનો અગ્નિ સસ્કાર કર્યો અને એ સ્થાન ઉપર સંઘે સમાધિ મંદિરનુ નિર્માણ કરાવ્યું. જે આજ સુધી વિદ્યમાન છે અને જૈન બગીચા તરીકે પ્રસિદ્ધ છે. જેનું નિર્માણ કરાવવાનું શ્રેય તે સમયના તહેસીલદાર શ્રી જેઠુભાઈ મહેતાને ફાળે જાય છે.


ધાનેરામાં યતિવરોની ગાદી હતી. તે ગાદીના શ્રી ધનવિજયજી મહારાજે સં. ૧૯૨૪માં જાવરા(મ.પ્ર.) મુકામે

સમર્થ જૈનાચાર્ય શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ક્રિયોદ્ધાર કર્યો હતો.

ધાનેરાની ધરતી આવા પનોતા પુણ્યવાનોના પાદકમળથી પવિત્ર બનેલી છે. અને અનેક આવા દાખલાઓ ભૂતકાળની ભવ્યતાનું સુંદર વર્ણન કરતા આજ પણ લોક જિહ્વાગ્રે સાંભળી શકાય છે.



[૨]



'ગુરુસ્તુ દીપવત્ માર્ગદર્શક:' ભયંકર અંધકારમાં માર્ગભૂલ્યા મુસાફરોને દૂર દૂર રહેલો દીવો જેમ માર્ગ ચીંધે છે અને પાસે રહેલો દીપક જેમ પંથ બતાવે છે તેવી જ રીતે સંસારના આધિ, વ્યાધિ અને ઉપાધિના અંધકારમાં અટવાતા અને ગોથાં ખાતા પ્રત્યેક આત્માને ગુરુસુંદર હિતકારી માર્ગનું દર્શન કરાવે છે અને એ માર્ગે જવામાં વિશેષ સહાયતા પ્રદાન કરે છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સહાયક ત્રણ તત્ત્વ પૈકી (દેવ, ગુરુ અને ધર્મ) ગુરુતત્ત્વમાં વિશિષ્ઠ શક્તિ સમાયેલી છે. કોર્ટના પગથિયાં ગણનાર સામાન્યતયા દરેક માનવ જ હોય છે. છતાં વકીલ અભ્યાસ કરી આગળ વધેલો છે જેથી તેની ત્યાં વિશિષ્ઠતા કહેવાય છે. તેવી જ રીતે ગુરુ પણ દૈહિક દૃષ્ટિએ સામાન્ય જણાવા છતાં એમનામાં રહેલી એ પરમોચ્ચકોટિની

દૈહિક–આત્મિક શક્તિઓ સામાન્ય માનવી કરતાં ઘણા ઉન્નત સ્થાનના અધિકારી થયેલા છે. એ ગુરુદ્વારા માનવ જ નહિ પ્રાણિમાત્રના કલ્યાણનો પ્રચાર–પ્રસાર થતો હોય છે.

ત્રણ તત્ત્વમાં પ્રથમ તરી ગયા છે અને અન્યને તારવા સમર્થ છે એવા દેવ છે. મધ્યમાં તરવાના પુનીતપંથે ચાલવાની જેમની પ્રવૃત્તિ ચાલુ છે તથા તરી ગયેલ એવા સાધ્યનું અવલંબન લઈને લક્ષ્યબિંદુ રાખીને પોતાના ધ્યેય માર્ગે આરૂઢ થયેલા ગુરુ છે અને અંતીમ રહેલ ધર્મતત્ત્વ સાધકની પ્રગતિની નોંધપોથી સમું પરિણામ પ્રદર્શક છે.

દેવ, ગુરુ, ધર્મ ત્રણમાં આદિ અને અંતમાં સ્થિત તત્ત્વનું દિગ્દર્શન, વિવેચન, વ્યાખ્યાન કે આખ્યાન કરનાર માત્ર મધ્યસ્થ ગુરુ જ છે. ગુરુ વિના કંઈ નહિ અને એટલે જ બધું ય જાણવા છતાં, બધી શક્તિથી પરવરેલો હોવા છતાં પણ ગુરુના અભાવે એ પ્રમાણિક રહેતું નથી. ગુરુના માર્ગદર્શનમાં જે મહાનતા છુપાયેલી છે તેને વર્ણવતાં કહેવાયું છે કે :—

विना गुरुभ्यो गुणनीरधिभ्यो,
जानाति तत्त्वं न विचक्षणोऽपि ।
आकर्णदीर्घायतलोचनेभ्यो,
दीपं विना पश्यति नान्धकारे ॥

સંપૂર્ણ શાસ્ત્રોના જ્ઞાતા વ્યક્તિને પણ પ્રારંભમાં તો ગુરુ પાસે જ જવું પડે છે. ડગલે ને પગલે ગુરુ વિના ચાલી શકાતું નથી. વ્યવહારિક માર્ગમાં પણ ગુરુનું (વડીલનું) નિયંત્રણ, માર્ગદર્શન કે સમજાવટ આવશ્યક છે ત્યારે ગુણપ્રાપ્તિના માર્ગમાં ગુરુની પરમાવશ્યકતા હોય એ નિઃશંક છે.

ગુણના સમુદ્રસમો વિદ્વાન્ શિષ્ય પણ ગુરુના અભાવે [૧૫]
મૂળ તત્ત્વ, ગૂઢ રહસ્ય અને આગમિક પ્રણાલી જેમાં કે
સૂત્રાગમ, અર્થાગમ, પરંપરાગમ અને શ્રુતાગમ રહેલા છે તે
જાણી શકતો નથી, સમજી શકતો નથી. પ્રત્યેક પ્રવૃત્તિમાં
ગુરુપ્રદત્ત પ્રકાશ વિના કંઈ પણ ચાલી શકતું નથી.
કેટલીય તેજસ્વી જ્યોતિવંત આંખો હોવા છતાં પણ અમા-
ાસ્યાના ઘનઘોર અંધકારમાં દીપકના પ્રકાશ વિના શું કંઈ
પણ દેખી શકાય છે ખરૂં ? કંઈ પણ દેખી શકાતું નથી.
જરા વિચારીશું તો ગુરૂનું સામર્થ્ય કેટલું હોય છે અને
ગુરુના નેતૃત્વમા શિષ્યબુદ્ધિ રાખનારો કેટલું પામી જાય છે.

અનાદિકાળના આ ભેજામાં લાગેલા કાટને સાફ કર
વામાં ગુરુ અનન્યતમ ભાગ ભજવે છે. એટલું જ નહિ
પરંતુ જીવવાની કળાને શિખવનાર પણ ગુરુ જ હોય છે.

રાહ ભૂલેલા રાહીઓને રાહ બતાવવાનું પુણ્ય પણ
ગુરુને જ મળે છે.

અજ્ઞાનાંધકારમાં પીડાતા અને શોષિત થતા જીવોને
ગુરુ જ સન્માર્ગે વાળીને ભગવાનના દર્શન કરાવે છે.
એથી જ કહ્યું છે કે—

गुरु गोविंद दोनों खड़े, किस को लागुं पाय।
बलिहारी गुरुदेव की, गोविंद दियो बताय॥

આ હકીકત ખરેખર સત્ય છે. ભગવાન્ અને તેમની
વાતને જો કોઈપણ બતાવતું હોય, સંભળાવતું હોય કે
સમજાવતું હોય તો તે એક માત્ર ગુરુ છે. ગુરુ મધ્યબિંદુ
હોય છે તેમના વિશ્વાસ ઉપર જ પ્રત્યેક વ્યક્તિએ પોતાના
જીવનના વ્હાણને હંકારવાનું હોય છે.

એવા ગુરુજનો પોતાના કાર્યને પૂરું કરી આયુષ્ય પૂર્ણ થતાં બધાયના વચ્ચેથી વિદાય થાય છે. એમની વિદાય ચિરસ્મરણીય બની જાય છે એટલું જ નહિ વિશ્વના પટાંગણમાં જીવંત જ્યોતિ સમી સ્થિર થઈ જાય છે.

અનહદ એમનો ઉપકાર ! એવા ગુરુના સંસ્મરણરૂપ સર્વત્ર સ્મારકોનું નિર્માણ ગુરુભક્તિનું પ્રતીક છે. ગુરુ દ્વારા પ્રેરણા મેળવવા માટે એ પ્રેરણા સ્તંભ છે. સદેહે ગુરુની ઉપસ્થિતિના અભાવે એ ગુરુમંદિરો અને ગુરુમૂર્તિઓ પ્રબળ આલંબનભૂત થઈ માર્ગચિંધનાર બને છે.

ધન્ય છે એમને જેઓ પોતાના ઉપકારીઓની સ્થાયી સ્મૃતિ ઈતિહાસ અને વિશ્વના આંગણે નિર્મિત કરી જીવનને અનુપમ લ્હાવો લઈ શકે છે.



[૨]

ઉરણો ગુરુ મંદિર



સમકિતગચ્છીય ઉપાશ્રયમાં ભાવુકો મળના અને પરસ્પર વાર્તાલાપ ચાલતો.

વેલચંદભાઈ ! આપણે ત્યાં પૂજ્યગુરુદેવશ્રીની મૂર્તિ પધરાવવી જોઈએ અને મારી તો ઈચ્છા છે કે આ કામ કરીને આપણા જીવનમાં અમૂલ્ય લ્હાવો લેવો જોઈએ. શ્રી ભૂતાભાઈ બોલ્યા.

હા, ભૂતાશા ! ઘણા વખતથી મારી પણ એજ ઝંખના છે. જો આપણા બધાયની આવી ભાવના હશે અને થશે તો ગુરુદેવશ્રીની મૂર્તિ તો શું ! સુંદર ગુરુ મંદિર બનાવીશું અને ગુરુદેવનો જય જયકાર કરીશું, વેલચંદભાઈ મહેતાએ વળતો જવાબ આપતાં કહ્યું !

ગચ્છના અગ્રગણ્ય આ શ્રાવકો અવારનવાર ભેગા થતા ત્યારે આ વિષયની વાતચીત થતી અને આ કામ કર-

વાની ભાવના જોર પકડતી છતાં કુદરતી રીતે મનની મનમાં જ રહી જતી હોય તેવો અનુભવ થતો.

ઉપાશ્રયમાં આવતા યુવકોને અને ખંતીલા ભાઈઓને પીઢ સમાજસેવી અગ્રગણ્યો શ્રી ભૂતાભાઈ, શ્રી વેલચંદભાઈ આદિ ભાવુકો કહેતા; ભાઈઓ ! અમારી તમન્ના કદાચ અમારા જીવનમાં અમારી જાતે અમે પૂરી નહિ કરી શકીએ પરંતુ તમારામાં તમે ઉત્સાહ રાખશો ! ગુરુમંદિર કરીને પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિમા જરૂર બિરાજમાન કરશો ! એ પૂજ્ય ગુરુદેવ ભગવંતનો આપણા ઉપર અનહદ્ ઉપકાર છે એટલે અત્યન્ત જરૂરી એવા આ કામને તમારા જીવનમાં તમે જરૂર પૂરૂં કરજો !

જાણે ગમન કરનાર પોતાના અનુગામીને અધુરાં રહેલાં કાર્ય પૂરાં કરવાનું ન કહેતા હોય ? જાણે પોતાના વારસદારને વારસો ન સંભળાવતા હોય ? તેમ કહેતા !

ભાવિના ભેદ સાકાર કળાતા હોય તેમ ભાવુક હૈયાઓ હોંશ ભેર કહેતા વડીલોના આશીર્વાદ હશે તો અમે બધુંય સરળતાથી કરી શકીશું. જે રીતે તમે શોભાવ્યું છે જીવન અને સંભાળી રાખ્યો છે સમાજ તેવી જ રીતે આગળ વધીશું અમે અને આપના હૃદયમાં રહેલા ગુરુમંદિર નિર્માણના પ્રશસ્ત ભાવોને સાકાર રૂપ આપવા માટે તન, મન, ધનથી તૈયાર રહીને કામ પૂરૂં કરીશું !

શક્તિ કામ કરતી નથી પરંતુ ભક્તિ વ્યાક્તને પોતાનામાં સમાવે છે. ભક્તિભર્યાં હૈયે આમ સૌ ભાવનાના સમુદ્રના કિનારાઓનો સ્પર્શ કરી લેતા હતા.

વખત વહી જાય છે. સમય પૂરો થતાં પરગામ જવાની

ધાનેરામાં સાધ્વીજીશ્રી લલિતશ્રીજી, હીરશ્રીજી, પ્રસન્નશ્રીજીનું ચાતુર્માસ હતું. દરેકના દિલમાં ભાવના હતી કે અહિં ગુરુમંદિર બનાવવું. વાતચીત કરતાં ભાવના બહાર દેખાઈ. સાધ્વીજીએ આ ભાવના જાણી અને સાધ્વીજીશ્રી પ્રસન્નશ્રીજીની ગૃહસ્થાવસ્થાની થોડી રકમ પડી હતી તેના આધારે ગુરૂમૂર્તિઓ ભરાવવાનું નક્કી કરીને ભીનમાલ મુકામે આચાર્યશ્રીને ખબર આપી.

આ રીતે ગુરુમંદિર નિર્માણ કરવાની પહેલી ઇંટ મૂકવામાં આવી.

આટલું જલ્દી કામ થશે એવી આશા તો નહોતી પરંતુ હવે કામ જલ્દી થશે એવાં એંધાણ દેખાયાં.

બીજા ચાતુર્માસમાં ગુરુમંદિર નિર્માણનો વિચાર દૃઢ થયો. અને ગુરુભક્ત શ્રી મોહનલાલ હીરાલાલ તરફથી આ કામમાં રૂા. ૧૦ હજારની રકમ આપીને શુભ શરૂઆત કરવાની માંગણી કરવામાં આવી.

સંઘના ભાઈઓ ધાણસા ચાતુર્માસ સ્થિત આચાર્યદેવ શ્રી મદ્વિજય વિદ્યાચન્દ્રસૂરીશ્વરજી મહારાજના દર્શનાર્થે ગયા અને આચાર્યશ્રીને સ્થિતિથી વાકેફ કર્યા.

આચાર્યશ્રીએ આ પુનીત કામ કરવાની સંઘની ભાવનાને બિરદાવી અને મોહનલાલ હીરાલાલભાઈને ઉપદેશ આપી આ મહાન કાર્યમાં લાભ લેવા માટે પ્રેરણા આપી.

આમ હવે ગુરુમંદિરના નિર્માણ કાર્યનો શુભારંભ થયો. મિસ્રીઓ પાસે નકશા બનાવરાવ્યા; કામ માટે કારીગરો તેડાવ્યા, અને લગની લાગી દરેકના હૃદયમાં હવે કામ કરવાની!

શુભ મુહૂર્તમા ખાતકામ અને શિલાન્યાસ કરવામા આવ્યું.

શ્રી વેલચંદભાઈ મહેતાના સુપુત્ર ગફુરચંદ મહેતા; નાથાશાના સુપુત્ર ભીખાભાઈ, ચીમનલાલ ધુડાલાલ, ખુમચંદ જશકરણ અને ભ્હાલચંદ જેચંદભાઈ મહેતા આદિ સમાજના દરેક ગુરુભક્તોએ તન, મન અને ધનથી નિર્માણ કાર્યમા પૂરેપૂરો ભોગ આપવા માંડ્યો.

એક બાજુ મકરાણાથી આવેલ કારીગર ઉસ્માન મુસ્તફા અને તેમના સુપુત્ર નૂરમહમ્મદ પોતાના કારીગરો સાથે કામમાં લાગી ગયા. બીજી બાજુ ગુરુમંદિર માટેના પ્રસ્તરને કંડારવાનુ કામ ચાલુ થયુ.

ભવ્ય છત્રીનુ નિર્માણ થયુ, કોતરણી આબેહૂબ કરવામા આવી.

ગુરૂદેવશ્રીની ભવ્ય પ્રતિમાઓ તૈયાર થઈ ગઈ. એ સમયનાં ડૂડસી મુકામ આચાર્યશ્રીના વરદહસ્તે પ્રતિષ્ઠાંજન શલાકા થવાની હતી. ગુરૂમૂર્તિઓ ત્યા પહોંચાડવામા આવી અને અંજનશલાકા કરાવવામા આવી.

પાલીતાણાની યાત્રાએ જતાં મુનિમંડળ સહ આચાર્યદેવશ્રી ધાનેરા પધાર્યા! નિર્માણકાર્ય દેખીને પ્રસન્ન થયા અને ચડતા પરિણામ રાખવાની સંઘને સલાહ આપી.

ગુરૂમંદિરનુ નિર્માણકાર્ય ચાલુ હતુ ! યોગ્ય જગ્યાએ યોગ્ય કોરણી કંડારવામા આવતી હતી. આ બાજુ ભાવુક જનોના હૃદયમંદિરમાં પણ કોરણી કોતરાતી હતી. હવે કામ પૂર્ણતાના આરે પહોંચવામા હતુ. "૨૫ × ૧૨" ફૂટની ભૂમિ ઉપર દિવ્ય દેવવિમાનસમુ ગુરૂમંદિર બની રહ્યું હતુ !

હરેકનો ઉલ્લાસ વધતો જતો હતો.

અગ્રગણ્યોની દેખરેખ અજોડ હતી. ઘરના કામ કર પણ આ કામમાં વધુ ભોગ આપતા હતા. એમના પડ બોલને ઉપાડી લેવા માટે સંઘના પ્રત્યેક ભાઈની તૈયારી હતી

સમયની બલિહારી હતી. વડીલોના આશીર્વાદ હત અને હતી હરેકની સંપૂર્ણ ભાવના; પરિણામે વડીલશ્ર વેલચંદભાઈ મહેતા, શ્રી ભૂતાશા, શ્રી મોહનભાઇ આદિએ વર્ષો પહેલાં કહ્યું હતું કે 'અમે તો કદાચ ન કરી શકીએ એ કામ પરંતુ તમે તો જરૂર કરજો ગુરૂમંદિર' એ શબ્દો વર્ષો પછી પણ એમના વારસદારો સાર્થક કરી રહ્યા હતા; વડીલોની વિશુદ્ધ ભાવનાનું પ્રતિબિંબ વારસામાં મળ્યું હતું અને આદર્શોના બળે જ ભવ્ય ગુરૂમંદિર તૈયાર થઇ ગયું.

હવે તો હતી એક જ ભાવના પ્રબળ કે પ્રતિષ્ઠોત્સવ કરી લઇએ તો જીવન ધન્ય થઈ જાય.

'જીવતો નર ભદ્રા પામે'વાળી કહેવતને ચરિતાર્થ કરવાનું હરેક જણાએ નક્કી કર્યું અને સંઘ એકત્રિત થયો! સર્વાનુમતે આચાર્ય મહારાજ પાસે મુહૂર્ત લેવા માટે પ્રતિનિધિમંડળ મોકલવાનું નક્કી થયું. શ્રી વાલચંદભાઇ મહેતા, શ્રી ભોગીભાઈ ખૂમચંદ આદિના નામ નક્કી થયાં.

હવે અતીત અને વર્તમાનકાળનાં સોણલાં આકાર લેશે. ભાવનાનું પૂર છલકાયુ અને બેઠેલ જનસમુદાયે 'જૈનશાસનનો જય જયકાર' કરી ગગનમંડળને ગુંજાવી દીધું.

[૪]

ગુરૂમંદિર અને પ્રતિષ્ઠા

ગુરૂદેવ! ગુરૂમંદિર તૈયાર છે! આપો શુભમુહૂર્ત! કરો શ્રીકાર કામ અને રાખો ઇતિહાસમાં નામ!

શંખેશ્વરની પુનીત યાત્રા કરીને આચાર્યદેવ શ્રીમદ્વિજય-વિદ્યાચન્દ્રસૂરીશ્વરજી મહારાજ મુનિ મંડળ સહ વિહાર કરતા રાધનપુર થઈને થરાદ પધાર્યા! આપશ્રીના સાનિધ્યમાં ભવ્ય દીક્ષોત્સવ ઉજવાયો! ત્યારપછી ધાનેરા સમકિત ગચ્છીય શ્રીસંઘના પ્રતિનિધિ થરાદ પહોંચ્યા અને ધાનેરા પધારી ગુરૂમંદિરની પ્રતિષ્ઠા કરાવવા માટે પ્રાર્થના કરી.

શ્રીસંઘની ઉત્કટ ભાવના દેખીને આચાર્યશ્રી તરફથી મુહૂર્ત આપવામાં આવ્યું અને 'ક્ષેત્ર સ્પર્શના' કહીને આચાર્યશ્રીએ શ્રીસંઘને સંતોષ આપ્યો.

મુહૂર્ત લઈને પ્રતિનિધિમંડળ ધાનેરા પહોંચ્યું અને

આચાર્યશ્રીના તરફથી અપાયેલ સંદેશથી વાકેફ કર્યા. અપૂર્વ આનંદની લ્હેર પ્રસરી ગઈ નગર ધાનેરામાં! સંઘે પ્રતિષ્ઠોત્સવની તૈયારી કરી! વર્ષોથી દિલના ખૂણે છૂપાવી રાખેલી શક્તિ પ્રસ્ફુરિત થઈ ગઈ! અને તૈયાર થઈ ગયાં તન, મન, ધન ત્રણે આ પાવન અવસરને શોભાવવા માટે!

આવો પ્રસંગ ધાનેરાના ઇતિહાસમાં સૌ પ્રથમ હતો! ઉલ્લસિત હૃદયવાળા દરેક મહાનુભાવ આ વખતે આગવી રીતે સર્વ પ્રકારે ઊભા થઈ ગયા હતા.

હવે તો ભાવુકોની આંખો મંડાણી હતી પૂજ્ય આચાર્યદેવશ્રીના દર્શન ભણી અને કાન મંડાયા હતા આચાર્યશ્રીના વિહારના સમાચાર સાંભળવા તરફ!

થરાદથી વિહાર જલ્દી જ થવાનો હતો છતાં સંઘના અતીવ આગ્રહથી એક અઠવાડિયાની સ્થિરતા વધુ કરવી પડી અને માહ વદિ ૮ ના રોજ સાંજના થરાદથી વિહાર થયો! એક મુખે પ્રસન્નતા અને એક મુખે ઉદાસીનતાની રેખાઓ ખેંચાઈ ગઈ હતી.

વિહારના સમાચાર જાણીને ધાનેરાની જનતામાં પ્રસન્નતા છવાઈ ગઈ અને થરાદની જનતા આજ ગુરુવિરહથી ઉદાસીન થઇ ગઈ હતી. સેંકડો લોકોએ ભાવભરી વિદાય આપી અને શ્રીમદ્ આચાર્યવર્ય વિહાર કરી મલુપુર, જેતડા, પેપરાળ થઇને લાખણી પધાર્યા! અહિં આપશ્રીના સાનિધ્યમાં નવનિર્મિત ઉપાશ્રયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું! લાખણી સંઘે અપૂર્વ લાભ લીધો.

આસપાસના ભાવુકોની અત્યન્ત આગ્રહભરી વિનતીને સ્વીકારીને આચાર્યશ્રીએ લેખક (મુનિ જયન્તવિજય)

શ્રમણીવૃંદ પણ સાથે જ હતો ! સાધ્વીજીશ્રી લલિતશ્રીજી, શ્રી મુક્તિશ્રીજી આદિ ઠા. ૧૭ પણ આ પ્રસંગે ધાનેરાની ધરતીને પાવન કરવા આવી ગયા હતા.

માહ વદિ ૧૩ થી અઠ્ઠાઈ ઉત્સવ ચાલુ કરવામાં આવ્યો ! ઉપાશ્રયમાં જ સુંદર સજાવટ સાથે મંડપ બાંધવામાં આવ્યો. પૂજા ભણાવવા માટે શ્રી વાસુદેવભાઈ પોતાની મંડળી લઇને સાજબાજ સાથે આવી ગયેલ હતા. વિધિ-વિધાન માટે યતિવર્ય શ્રી હેમચન્દ્રજી ગુરાં સાયલા નિવાસી આવી ગયા હતા. અનેરા ઉત્સાહ વચ્ચે કાર્યવાહી ચાલુ હતી.

ઉપાશ્રયમાં વેદિકા અને પીઠિકા નિર્મિત કરવામાં આવી.

ધૂપ, દીપ સ્થાપિત થયાં પછી વેદિકા પૂજન અને કુંભ સ્થાપના કરવામાં આવી.

ઉપાશ્રયમાં આ વિધાન ચાલુ હોવાથી આચાર્યશ્રીએ સહ મુનિ મંડળ ઉપાશ્રય સામેના શ્રી નેમિચંદ જૈનના નવ-નિર્મિત માણેક ભવનમાં સ્થિરતા કરી !

આચાર્યશ્રીના માર્ગદર્શનાનુસાર શ્રીસંઘ આ કાર્ય-વાહીમાં દિવસે દિવસે વિશેષતા અને વિશુદ્ધિ લાવી રહ્યો હતો ! પ્રતિદિન વિવિધ પ્રકારી પૂજાઓ ચાલુ હતી. શ્રી શાન્તિનાથ ભગવાનના દહેરાસરમાં અંગરચના કરવામાં આવતી હતી અને રાત્રિના સમયે ગાયક શ્રી વાસુદેવભાઈ પોતાની વિશિષ્ઠશૈલીથી ભાવનામાં આવતા ભાવુકોને ભાવનાના સરોવરમાં સ્નાન કરાવી દેતા હતા !

આહોર સ્થિત પૂજ્ય ગુરૂદેવોની મૂર્તિઓને ધાનેરા લાવવા માટે યતિશ્રી હેમચંદ્રજી અને મહેતા વીરચંદ

કારણ આજના દિવસે પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું હતું.

મહોત્સવમાં ભાગ લેવા માટે દૂર અને નજીકનો માનવ મહેરામણ આવવા માંડ્યો હતો. ધાનેરાના મુંબઈ, મદ્રાસ, અમદાવાદ, કારાકુડી, ભીમડી આદિ ગામોમાં વ્યાપારાર્થે વસતા ભાવુકો રેલ્વે, મોટરો અને ટેક્ષીઓ દ્વારા આવવા માંડ્યા હતા. બહારગામથી આવનાર દરેક સ્વધર્મી બંધુઓની ભક્તિ માટે સંઘ તરફથી જૈન વાડીમાં વ્યવસ્થા કરવામાં આવી હતી.

પાછળ રહેલ મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ૦ પહોંચી ગયા ધાનેરા અને છેલ્લે સુદિ ૪ના રોજ લેખક (મુનિ જયંતવિજય) અને મુનિરાજ શ્રી પુન્યવિજયજી પણ આવી ગયા.

પ્રતિષ્ઠાના વિધિવિધાન માટે જરૂરી સામગ્રી જલ્દીથી પ્રાપ્ત થઈ શકે એ માટે મંગળઘરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેની વ્યવસ્થા માટે શ્રી વ્હાલચંદજી મહેતાની નિમણુંક કરવામાં આવી હતી.

સ્વધર્મી બંધુઓની ભક્તિ માટે રસોડાની વ્યવસ્થામાં શ્રી ચીમનલાલ ધુડાલાલ મહાજની, નાનાભાઈ ગફુરભાઈ મહેતા અને કન્હૈયાલાલ મોહનલાલ આદિ આગળ પડતા દેખાતા હતા.

ઉત્સવની શોભા આમ દિવસે દિવસે ખીલી રહી હતી અને સૌનો ઉલ્લાસ પણ વધી રહ્યો હતો.



[૫]

ધન્ય થયું ધાનેરા

ધાનેરાની ધરતી આજ પ્રફુલ્લિત હતી.

ભાવુકોના મન મયૂર ટહુકાર કરતા નાચી રહ્યા હતા.

એકેએક વ્યક્તિના માનસમાં ઉલ્લાસ હતો, વચનમાં ભાવનાની પાવન ગંગા પ્રવાહિત થઈ રહી હતી. કાયામા અદમ્ય ઉત્સાહ પ્રત્યક્ષ જણાતો હતો.

માનવ મહેરામણ ઉમટ્યો હતો આજ ગુરૂ મંદિરની પ્રતિષ્ઠામાં ભાગ લેવા. સમકિતગચ્છીય જૈન શ્વેતાંબર ઉપાશ્રય તરફ!

પૂર્વ દિશામાં પોપટની ચાંચ સમી લાલિમા ફેલાવતા સૂર્યદેવ પ્રકાશી ગયા હતા! ધરતીના કણકણમાં સર્વત્ર એ દિવાકરે પૂરેપૂરી સ્ફૂર્તિ લાવી હતી. નિદ્રાદેવીના ખોળે સોડ વાળીને સૂઈ રહેલા જાગૃત થઈ ગયા હતા! પ્રત્યેકના હૃદય

પટલ ઉપર એક જ પ્રતિબિમ્બ પ્રતિબિમ્બિત થતું હતું 'ચાલો પ્રતિષ્ઠામાં'! ભવ્ય ભાવના ભરેલી ભૂમિ મૌન સાચવીને રહેલી હતી વર્ષોથી, પણ આજ તેનો કણકણ બોલી રહ્યો હતો! વર્ષો પહેલાં પોતાના ચરણકમળથી પવિત્ર કરનારા એ પૂજ્ય ગુરૂદેવોની પ્રતિષ્ઠા થઇ રહી હતી! આ ધરતીના ખોળે કર્મોના સાથે જંગ ખેલનારા એ પરમશ્રેષ્ઠ પુણ્ય શ્લોકની પ્રસ્થાપના થઈ રહી હતી!

ગામ અને શહેરોથી આવેલ ભક્તજનો પણ આ પુનિત પ્રસંગે પાછળ ન રહ્યા! શાના રહે! અનુમોદનીય અવસરો જીવનમાં વારંવાર આવતા નથી, પછી આવા પ્રસંગને કોણ ચૂકે?

આજનો દિવસ મુખ્ય દિવસ હતો! પ્રતિષ્ઠાના પ્રમુખ પ્રેરણાશ્રોત પૂજ્યવર્ય શ્રી આચાર્યદેવેશ પોતાના સ્થાનથી પોતાના પરિવાર સાથે પ્રસ્થિત થઈ ચુકયા હતા. અને ગુરૂ મંદિરના દ્વારે પહોંચવાની તૈયારીમાં હતા!

કાગડોળે રાહ દેખતાં ભાવુક હૈયાં જયજયકાર કરવા લાગ્યાં. તે વખતે જે ઉલ્લાસ દેખાતો હતો તેનું વર્ણન કરવું અશક્ય છે. આજ જાણે પોતાના જીવનનો પોતાને મહામૂલ્યવાન લ્હાવો લેવાનો છે એટલો ઉમંગ પ્રગટપણે દેખાઇ રહ્યો હતો.

શ્રમણી વૃંદ પણ યથાસ્થાન આવી ગયો હતો! મુનિવૃંદના પરિકરથી સુશોભિત આચાર્યશ્રી પાટ ઉપર બિરાજમાન થયા અને સર્વ શ્રદ્ધાળુઓ શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ કરી રહ્યા હતા!

આજની પૂર્ણાતિથિ પંચમી એ પૂજ્યવરોના પ્રત્યે પ્રાણીમાત્રને પ્રેરણા આપનાર હતી.

ઘંટારવ અને ઝાલરના નિનાદ હૃદય સાગર સ્થિત ભાવનાના પૂરને છલકાવવામાં પૂનમના ચંદ્રનો ભાગ ભજવી રહ્યા હતા.

ચિત્તાકર્ષક, દેદિપ્યમાન દેવકુલિકા સમી કચેન આરસ હાણુથી ગુરૂમંદિરની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષો પહેલાંની વિચારણા ભાવનાના રૂપમાં પરિણમી અને પરિણામે એ સાકારરૂપ લઈ ચૂકી હતી.

વાત વાતમાં વખન ચાલ્યો જાય છે અને આદર્યું અધવચ્ચે જ રહી જાય છે. ઘણા એવા દાખલાઓ દેખવા અને સાંભળવા પણ મળે છે. પરંતુ અહિં જુદું જ બન્યું, આદર્યું ઉત્કૃષ્ટ ભાવનાથી અને પૂર્ણ કર્યું પણ એ જ ભાવનાથી !

પ્રતિષ્ઠાનો સમય આવવાને મિનિટોની જ વાર હતી, સંઘના અગ્રગણ્યો, કાર્યકર્તાઓ અને પ્રતિષ્ઠાનો લાભ લેનાર ભાઈ બહેનો દરેક રીતે તૈયાર થઈ ગયા હતા; સ્વયંસેવકો વ્યવસ્થા જાળવવામાં દત્ત ચિત્ત દેખાતા હતા.

પરમ કૃપાળુ સમર્થ ગુરૂદેવ પ્રભુશ્રીની મનમોહક મૂર્તિ ગુરૂમંદિરમાં લાવવામાં આવી. પૂજ્યવર શ્રીમદ્ ધનચન્દ્રસૂરીશ્વર, પૂજ્યવર શ્રીમદ્ ભૂપેન્દ્રસૂરીશ્વરની મૂર્તિઓ ક્રમશઃ લાવવામાં આવી. ગગનભેદી જયજયકારથી નભોમંડળ ગાજી ઊઠ્યું અને પછી એકદમ શાંતિનું મોજું ફરી વળ્યું. નીરવ શાંતિ હતી ! ગુરૂદેવશ્રીની ભવ્ય મુખમુદ્રા તરફ બધાય એકીટસે મીટ માંડીને બેઠા હતા.

મનમોહક મુદ્રા; પ્રેરણાસ્પદ પ્રતિબિમ્બ અને ભવ્ય ભાલ લોહચુમ્બકના જેમ પ્રત્યેકને પોતા તરફ ખેંચી લેતાં હતાં. આજ દરેકના હૃદયમાં શ્રદ્ધા, વચનમાં ગુણાનુવાદ અને કાયામાં વિનય વસી ગયા હતા.

બરાબર ટાઇમ થયો; આચાર્યશ્રીએ સમય સૂચક સંકેત કરતાં જ સર્વ યથાસ્થાને ગોઠવાઈ ગયા. અને એક જ મિનિટની નીરવ શાંતિ પછી 'જૈન શાસનની જય'ના બુલંદ અવાજ સાથે પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરૂદેવશ્રીની પ્રતિમાઓને ગાદીનસીન કરવામાં આવી, વિવિધ રીતે લાભ લેનારા ધન્ય થઇ ગયા. એટલું જ નહિ જિંદગીમાં પાવન કામ કરીને પુણ્યનું ભાતું ભરી ગયા.

પૂજ્ય આચાર્યશ્રી અને મુનિ મંડળ તરફથી ક્રમશઃ વાસઅધિનિક્ષેપ કરવામાં આવ્યો ! દિવ્ય દિદાર દેખીને આમ-તેમ ફરતી દૃષ્ટિ એ ગુરૂદેવો પર સ્થિર થઈ અને ભાવુક હૈયાં બોલી ઊઠ્યાં !

"અજ્ઞાનના અંધકારને ભેદીને પ્રકાશના કિરણો પાથરનાર એ પૂજ્ય ગુરૂદેવશ્રીને વારંવાર નમસ્કાર થાઓ અમારો !"

"મિથ્યાત્વના પુંજને પોતાના ભગીરથ પ્રયાસો દ્વારા હઠાવનાર એ પૂજ્ય ગુરૂદેવશ્રીનું શરણું રહો અમને સદાને માટે !"

"વીતરાગ વાણીનું પાન કરાવનાર અને અનાદિની તૃષાને સંતોષનાર પૂજ્ય ગુરૂદેવશ્રીને અહર્નિશ વંદન હો અમારા !"

"પાખંડીઓના પાશમાંથી પ્રત્યેકને છોડાવવાનું શ્રેષ્ઠતમકાર્ય કરવા માટે સતત પ્રયત્નશીલ અને સફળતા મેળવનાર એ પૂજ્ય ગુરૂદેવ ભગવંતને પ્રતિક્ષણે પ્રણામ હો અમારા !"

"જૈન જગતના જાજ્વલ્યમાન પ્રદીપસમા પૂજ્ય ગુરૂદેવ-શ્રીને ભાવભર્યાં હૃદયે કોટિ કોટિ નમસ્કાર હો અમારા !"

જનસમૂહ ગુરૂમંદિરના બહારના પ્રાંગણમાં ગોઠવાયેલો હતો.

પ્રતિષ્ઠા ખૂબ જ આનંદ અને શાંતિપૂર્વક સંપન્ન થઈ. પ્રતિષ્ઠા પછી ગુરૂપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.


આચાર્યશ્રી પોતાના પરિકર સાથે બહાર પધાર્યા! પાટ ઉપર બિરાજમાન થયા. ગુરૂપૂજનનો લાભ લેનાર શ્રદ્ધાળુ ભક્તોએ પૂજન કરી પોતાના જીવનને ધન્ય બનાવ્યું! આચાર્યશ્રીને કામળી વહોરાવવાનો લાભ લેનાર મહાનુભાવોએ કામળી વહોરાવી પોતાના હૃદયને પાવન કર્યું!

પ્રશંસાના પુષ્પો પ્રત્યેકના મુખકમળથી વરસી રહ્યા હતા.


શ્રીફળની પ્રભાવના થઇ અને માનવ મહેરામણ ઉદર દેવતાને સંતોષવા માટે ઉપડ્યો!

સમકિતગચ્છીય સંઘ તરફથી આજ સંપૂર્ણ જૈન સંઘની ભક્તિ કરવામાં આવી. આ સિવાયનો પ્રતિષ્ઠા નિમિત્તનો તમામ વ્યય શ્રી ધનરાજભાઇ મૂળચંદભાઈએ કરીને પ્રાપ્ત લક્ષ્મીનો સદુપયોગ કરી અમૂલ્ય લાભ લીધો!

સર્વત્ર આનંદની છોળો ઉછળી રહી હતી.



[૬]



ધાનેરાની પવિત્ર ભૂમિ આજ અશુચિના નિવારણથી વિશુદ્ધ બની હતી, પ્રતિષ્ઠાનો આનંદ પ્રત્યેકના હૃદયક્ષેત્રને પલ્લવિત કરી રહ્યો હતો. અને પાવન કરી રહ્યાં હતા, સમકિત ગચ્છીય ઉપાશ્રયના પ્રાગણમાં શાન્તિસ્નાત્ર ભણાવવાનો સંપૂર્ણ કાર્યક્રમ વિધિસર ગોઠવાઈ ગયો હતો.

લાલ વસ્ત્રાચ્છાદિત સુંદર પાટ ઉપર અષ્ટપ્રકારી દ્રવ્યો ભરેલી થાળીઓ મૂકવામાં આવી હતી. ૨૭ સ્નાત્રાભિષેક કરવાના હતા. ૨૭ કૂવાના જળ મંગાવી લેવાયાં હતાં. ૨૭ સ્ત્રી, પુરૂષો પોતપોતાના સ્થાને અભિષેક સંબંધી યોગ્ય સામગ્રી સાથે વ્યવસ્થિત થઈ ગયાં હતાં. ક્રિયા વિધાયક શ્રી હેમચન્દ્રજી યતિ પોતાની પ્રવૃત્તિમાં સંલગ્ન હતા અને સ્નાત્રોત્સવને સાનંદ સંપૂર્ણ કરવા માટેની તૈયારી કરતા હતા.

મેરૂ ગિરિ ઉપર જેમ દેવ-દેવેન્દ્રોએ જન્માભિષેક કર્યો હતો, શ્રી જિનેન્દ્રદેવનો તેવો જ અનુપમ લ્હાવો

લેવાનો હતો આજના અભિષેકમાં ભાગ લઇને ! એટલા માટે દરેક ભાવુકો પોતાના કામથી નિવૃત્ત થઇ નિવૃત્તિમૂલક પ્રવૃત્તિમાં જોડાવા આવી પહોંચ્યા હતા.

સ્નાત્રમાં ભાગ લેનાર (સ્નાત્રકારકો) સ્નાત્રીયાઓના હાથમાં ચંદન, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, જળ, કેશર, દર્પણ, પંખા, વરખ ઈત્યાદિ શોભી રહ્યાં હતાં.

સામે પાટ ઉપર નાડાછડીગ્રથિત શ્રીફળ નાગરવેલના પાન ઉપર મૂકવામાં આવ્યાં હતાં. એક તરફ દીપક પ્રગટાવનાર ભાઈ પણ પોતાની તૈયારી સાથે હાજર થઇ ગયા હતા.

ભક્તિની ગંગામાં ડૂબકી દેવરાવવા માટે ગાયક મહોદય પણ ઉપસ્થિત થઈ ગયા હતા.

મુનિવૃંદના સાથે આચાર્યશ્રી પધાર્યા, અને શ્રમણીમંડળ પણ આવી ગયા પછી ચતુર્વિધ સંઘનો મેળો જામ્યો હતો.

સૌ સ્થિર થઈ અનિમેષ નયને આચાર્યશ્રી તરફ મીટ માંડીને બેઠા. આચાર્યશ્રીએ 'नमोऽर्हत्सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्य.'નું ઉચ્ચારણ કરી ઉત્સવનો મંગળ પ્રારંભ કર્યો.

જેમના નામ સ્મરણથી આ લોક અને પરલોક સુધરી જાય; આધિ, વ્યાધિ અને ઉપાધિને ઉચાળા ભરવા પડે અને છેવટે અપૂર્વ શાન્તિ અને આનંદનું સામ્રાજ્ય જામી જાય એવા પરમ તારક અરિહંતદેવનો સ્નાત્ર ઉત્સવ થઇ રહ્યો છે એવો ભાવ દરેકના ચ્હેરા ઉપર કળી શકાતો હતો.

જીવનની સાધના માટે અને સિદ્ધિના સોપાન ચડવા માટે આજનો આ ઉત્સવ નવીન પ્રેરણા આપનાર હતો.

પ્રમોદભાવને પુષ્ટ કરનાર અને મૈત્રીભાવની મહિમા વધા-
વનાર છે. [૩૯]

આચાર્યશ્રી દ્વારા પ્રારંભિકરણ થયા પછી દરેક એક-
ચિત્ત થઈને જોડાયા ભક્તિની ગંગામાં સ્નાન કરવામાં !

ઉપસ્થિત ભાવુકોએ શબ્દો ઉપાડી લીધા. વાતાવરણમાં ઉલ્લાસ વ્યાપી ગયો. આજનું ભાવભર્યું પ્રતિબિંબ અનોખું માસનું હતું. કાવ્ય ચાલુ થયું અને છેવટે શ્રીમત્તીર્થંકર ભગવંતના ગુણ પ્રકટ કરતા શબ્દપુષ્પોની વૃષ્ટિ થઈ અને ી ભગવાન ઉપર અભિષેક કરવામાં આવ્યો !

અભિષેક થયો અને વાદ્યંત્રનો રણઝણ રણઝણ નાદ અને તબલાનો ધિનાક્ ધિનાક્ નાદ રણઝણી ઊઠ્યો; 'મેરુ શિખર નવરાવે હો સુરપતિ'નું સંગીત રેલાયું. વાચામાં વાચા મળી ! અવાજમાં અવાજ મળ્યો ! તાલમાં તાલ મળ્યો ! હૈયાં હેલે ચડ્યા અને માનવ મહેરામણ પુલકિત થયો.


મંદમંદ ચાલતી ઠંડી હવા ભાવુકોના તનને શાન્તિ આપતી હતી. પ્રભુભક્તિની લય મન અને હૃદયને પ્રસન્ન કરતી હતી. એક અભિષેક થયો ! અષ્ટ દ્રવ્ય ચઢાવવામાં આવ્યાં, દીપક પ્રગટાવવાનું કામ થયું અને ત્યારબાદ સ્નાત્ર ...ોચ્ચાર કરવાનો લાભ મુનિશ્રી જયપ્રભવિજયજીએ લેવા ...ડ્યો; મંત્રાક્ષરો અને કાવ્યાક્ષરોની કડીથી કડી મળતી ...ી. શાન્તિપૂર્વકનો સ્નાત્ર ઉત્સવ શાન્તિ પ્રસ્થાપના માટે ...વપૂર્વક ઉજવાતો હતો.

આ બાજુ વિશાળ હોલમાં ભાવુકોના જોડલા (દંપતિ) ચર્યંવન ઉચ્ચરવાનાં હતા, તેની તૈયારીઓ ચાલતી હતી. ...ાર્યશ્રી પદાસીન થયા; ભાવ ભરેલો માનવ સમુદાય આ

અપૂર્વ પ્રસંગમાં જોડાયેલો હતો. ક્રિયા વિધાન ચાલુ થયાં. ભાવુકોને વ્રત ઉચ્ચરાવવામાં આવ્યાં. ઉપસ્થિત જન જાગરણ માંથી ધન્ય ધન્યના પોકારો થયા.

શાન્તિસ્નાત્રના મંત્રોચ્ચાર ચાલુ હતા. ગગનમંડળને સ્પર્શતા એ શબ્દો આકાશને ભરી દેતા હતા. મુનિરાજશ્રી દેવેન્દ્રવિજયજીએ સ્નાત્ર ભણાવવાનો આરંભ કર્યો. સમજાવ્યું સ્નાત્રનું મહત્વ અને છેલ્લે સ્નાત્રોત્સવની પૂર્ણાહુતિ થઈ. સ્નાત્ર જળનો વરઘોડો નિકળ્યો; નગરનો કણકણ શુદ્ધ થયો. જયજયકાર થયો અને ઉત્સવ સાનંદ સંપન્ન થયો.

અને સ્નાત્રોત્સવનો આનંદ માણતો માનવ સમુદાય નિજ સ્થાનક તરફ રવાના થયો.



દહેરાસરના નિર્માણ કાર્યનો પ્રારંભ શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પ્રધાનશિષ્ય શ્રી ધનવિજયજી (શ્રીમદ્વિજયધનચંદ્રસૂરીશ્વરજી) મહારાજના સાનિધ્યમાં શિલારોપણ અને ખાતકામ વિધિ સાથે કરવામાં આવેલો. દહેરાસરનું કામ પૂરું થઇ ગયા પછી તપસ્વી મુનિરાજશ્રી નરેન્દ્રવિજયજી મહારાજના સાનિધ્યમાં પ્રતિષ્ઠા વિધિ શ્રી ચુનીલાલજી યતિજી (જે ધાનેરાની શ્રી ધનવિજયજી મહારાજની યતિ પરંપરાની ગાદીએ હતા.) એ કરાવી હતી તે વખતે સં. ૧૯૯૦ ચાલતો હતો.

પ્રતિષ્ઠા પછી સંઘને ફરીથી વિધિ કરીને પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનું યોગ્ય જણાતાં સં. ૧૯૯૬માં મુનિશ્રી તીર્થવિજયજી મહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી.

૨ જૈન ઉપાશ્રય

અહિં સમકિતગચ્છ, તપાગચ્છ અને લોંકાગચ્છ; ત્રણ સંપ્રદાય છે. જેઓએ પોતપોતાની આવશ્યક ક્રિયા કરવા માટે અલગ અલગ ઉપાશ્રય બનાવેલ છે. સંપ્રદાય ભિન્ન ભિન્ન હોવા છતાં પારસ્પરિક સ્નેહ અને સદ્ભાવ અત્યન્ત સરાહનીય અને અનુકરણીય છે. પ્રત્યેક ઉપાશ્રય પ્રત્યેક વ્યક્તિને પોતાનો દેખાય છે અને પ્રત્યેકના કાર્યમાં પ્રત્યેક વ્યક્તિ તન, મન અને ધનથી સહાયક થાય છે. વિશાળકાય ઉપાશ્રયોમાં કોઈપણ સાધુ સાધ્વીના પ્રવચન-વ્યાખ્યાનમાં દરેક સંપ્રદાયના ભાવુકો ભાવપૂર્વક આવે છે અને યથાશક્તિ આરાધના કરે છે. આવી એકતા અન્યત્ર દેખવા ઓછી મળે છે.

૩ જૈનવાડી, આયંબિલશાળા

ધાનેરાની પશ્ચિમ દિશાએ ત્રણે સમ્પ્રદાયની સહાયતાથી

ભીલડીયાજી :–શ્રી ભીમપલ્લીના નામથી પૂર્વકાળનું આ તીર્થ શ્રી ભીલડીયા પાર્શ્વનાથના નામથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

રામસેણ :–ધાનેરાની દક્ષિણ દિશાએ પ્રાચીન તીર્થ-સ્વરૂપ સ્થિત છે, જ્યાં આદિનાથ ભગવાન બિરાજમાન છે.

ધાખા :–ધાનેરાથી ૪ માઈલના અંતરે આ તીર્થરૂપ સ્થિત છે. વિશાળ જૈન મંદિર છે, જેની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૭માં શ્રીમદ્વિજયધનચન્દ્રસૂરીશ્વરજી મહારાજના કર-કમળથી સંપન્ન થયેલ. મૂળ નાયક શ્રી શાંતિનાથ ભગવાન છે.

આ સિવાય પણ આસપાસ તીર્થભૂમિઓ વિદ્યમાન છે.

૬ અહિં વસતા જૈન કુટુંબ

પૂર્વકાળમાં ધાનેરાના અસ્તિત્વ પછી સર્વ પ્રથમ પારેખ કુટુંબે વસવાટ કર્યો. ત્યારબાદ એક પછી એક કુટુંબો અહિં આવ્યા. વર્તમાનમાં અહિં સત્યાવીશ કુટુંબો રહે છે, જેમની ગણત્રી કરતાં આ પ્રમાણે છે. પારેખ કુટુંબ, શેઠ મહેતા, વ્યાજ મહેતા, સવાણી, વલાણી, અજબાણી, ભેમાણી, ગાંધી, પાંચસો વોહરા, મોરખીયા, છત્રાણી, જોગાણી, મેઘાણી, ધરણાણી, વાઘાણી, બરૂબજા શેઠ, વખતાણી, (વારિયા) વારૈયા, સંઘવી, મહાજની, છાજેડ, કમોલિયા, પરીખ, ઘીયા દોશી, ભણશાળી, કટારિયા, પરમાર કોટેચા, સીરોહિયા, શેઠ; આ કુટુંબોના ઘર આજ ધાનેરાની ધરતીને શોભાવી રહ્યાં છે, અને ધર્મધ્યાનના સાથે સમાજ, રાષ્ટ્ર અને ધર્મની સેવા કરી રહ્યાં છે.

૭ શ્રી બન્ધુ સમાજ સાર્વજનિક લાયબ્રેરી

ધાનેરામાં વસતા જૈન સમાજ દ્વારા એક મંડળ ચલાવવામાં આવતું હતું, તે મંડળના આશ્રયે એક નાનકડી

સખાવત કરી અને કામને આગળ ધપાવ્યું. જેમાં આઠમી કક્ષાથી શિક્ષણ આપવામાં આવે છે. ૬ અધ્યાપક આજ વિદ્યાર્થીઓને જ્ઞાનનું પિરસણ પીરસી રહ્યા છે.

૯ પ્રાઇમરી સ્કૂલ અને બાળમંદિર

નાના નાના કોમળ છોડવાઓને જે બાજુ નમાવો એ બાજુ નમાવી શકાય. તેમ નાના બાળકોને જેવા સંસ્કારોનું સીંચન કરવામાં આવે તેવું તેમનું જીવન નિર્માણ થઈ શકે છે. આ હેતુથી અહિં બાળમંદિર પણ ચલાવવાનું નક્કી થયું છે જેના માટે સુંદરલાલ વેલચંદ તરફથી રૂા. ૨૧૦૦૦)નું ઉદાર દાન આપવામાં આવ્યું છે. જેથી આ સંસ્થા દૃઢ થઈ શકે. એવી જ રીતે સવાણી ટ્રાન્સપોર્ટ કું. પ્રાઇવેટ લીમીટેડ તરફથી રૂા. ૪૧૦૦૦)ની ઉદાર સખાવત પ્રાઈમરી સ્કૂલ માટે કરવામાં આવેલ છે.

૧૦ દવાખાનું, પ્રસૂતિગૃહ

શારીરિક ઉપચારની અગત્યતા પણ જરૂરી છે. જ્યાં જનતા છે ત્યાં દૈહિક પીડાઓનો ઉદ્ભવ પણ સંભવિત છે. આ તકલીફને પહોંચી વળવા માટે એક દવાખાનું શા૦ નાનચંદ ગુલાબચંદ પરીખે નિર્માણ કરાવીને તાત્કાલીન નવાબ શ્રી તાલેમહમ્મદખાંને સોંપ્યું, જેનું ઉદ્ઘાટન નવાબશ્રીના જયેષ્ઠ પુત્ર શ્રી ઇકબાલખાંના વરદ હસ્તે કરાવવામાં આવ્યું. તે સમયે બંધાવેલ બિલ્ડીંગ આજના સમયમાં ૧ લાખની અંદાજન કહી શકાય.

પ્રસૂતિગૃહનું નિર્માણ પોતાના ધર્મગુરૂ નામદાર મુલ્લાજીના ઉપદેશથી કાગદવાળા શેઠ અબ્દુલહુસેન જીવાજીએ કરાવીને ગવર્મેન્ટને સોંપેલ છે.

૧૧ અન્ય સ્થાનો

વહોરા સમાજની મસ્જિદ જે મધ્ય બજારમાં છે અને નવી મસ્જિદ વોરવાડમાં બનાવેલ છે સાથે જ મધ્ય બજારમાં બદરિયા મદ્રેસા છે જેમા તેમના સંતાનોને અધ્યયન કરાવવામાં આવે છે.

એક શ્રી મહાદેવનુ મંદિર છે જે લગભગ ૧૦૦ વર્ષ પુરાણું છે

ધાનેરા રેલ્વે સ્ટેશન છે, રાણીવાડાથી ભીલડીયાજી જતી રેલ્વે લાઈન ઉપર આ સ્ટેશન છે સ્ટેશન ઉપર આવતા યાત્રીઓને ઠહેરવા માટે એક 'ધવલ ધર્મશાળા' નેનાવાવાળા શા૦ ધુડાલાલ બેચરજી તરફથી બંધાવવામાં આવેલ છે, જેથી યાત્રાળુઓને ઉતરવા માટે સગવડ રહે છે.

ધાખા દરવાજા ઉપર આવતા જતા વટેમાર્ગુંને પાણી માટેની સહુલિયત રહે તે હેતુથી નેનાવાવાળા શા ધુડાલાલ બેચરજી તરફથી પાણીની પરબ પાકી બોર્ડીંગથી કરાવેલ છે.

એક પરબ પારેખ ભૂરાલાલ તરફથી બજારમા બનાવવામાં આવેલી છે.

એક કબૂતરનો ચબૂતરો જૈન મહાજન ધાનેરા તરફથી બંધાવેલ જે શા૦ નાનચંદ ગુલાબચંદજીએ સંપૂર્ણ કરાવ્યો છે

આ સિવાય સુન્ની પથી મુસલમાનોની પણ મસ્જિદ ઓએ બનાવેલી છે.

સાથે જ તાર, ટેલીફોન ઓફિસ અને મામલતદાર હેડ ક્વાર્ટર્સ આવેલ છે. ધાનેરાથી ડીસા સુધીનો ડામર રોડ છે. નિત્ય પ્રતિ મોટરની આવજા ચાલુ છે.

અહિંથી ઘાટે દૂર રેલ નદીનો પ્રવાહ ચાલુ છે.

★



પરમ યોગી શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરિજી



[૮]

મહાનુભાવ !

આવો ! આજ દેખીએ જીવની પરમપૂજ્ય ગુરૂદેવશ્રીની.

એમનું નામ પ્રસિદ્ધ છે વિશ્વ આખાયમાં.
એમણે કર્યાં છે ભગીરથ કામો પૃથ્વીના પાટલે.
જેવું નામ તેવાં કામ.
પાછળથી નહિ પરંતુ પ્રારંભથી જ.
જન્મના સાથે જ મળ્યા આદર્શ સંસ્કાર.
અને મળ્યાં સંસ્કારને સિંચન કરનાર માતાપિતા,
ભરતપુર શહેર આજ પણ પ્રસિદ્ધ છે.
રાજસ્થાનનું ગૌરવવંતુ એ ધામ.
ત્યાં રહે શેઠ 'ઋષભદાસ.'

દેવગુરૂ ભક્તિકારક અને ધર્મધ્યાની.
લાયાં હતી તેમની સુગુણવતી ' કેશરદેવી '
શીલાદિ ગુણો વડે પરિમલ પ્રસારનારી.
શ્રેષ્ઠિ દંપતિનો જીવન સંસાર હતો સહુ કોઇને અનુકરણીય.
બધુંય હોવા છતાં વિરક્ત ભાવના.
દામ, ઠામ, અને દામ હતાં તો પણ જીવનની સાચી
સફળતા કરવાની ઝંખનાવાળા હતાં.
અઢારસો ત્યાશીની સાલ.
પોષ સુદિ ૬ ની રાત્રિ અને સાતમનું પરોઢિયું.
ભાગ્યશાળીના ઘરે જ રત્નનો આવિર્ભાવ થાય.
બધાય પહાડોમાં કંઈ માણિક્ય રત્ન હોતાં નથી
બધાય હાથીઓના ગંડસ્થળમાં કંઈ મૌક્તિકો
ના નથી ?
કમળ કંઈ બધાય સરોવરમાં ઉગતાં નથી.
એવી જ રીતે
શ્રેષ્ઠિ ઋષભદાસના ગૃહાંગણે શુભ દિવસે
અર્ધાંગના કેશરદેવીએ રત્નપુંજ સમા પુત્રરત્નને
આપ્યો.
ાણે રત્ન જ ન મળ્યું હોય પોતાને, પરિવારના
ે નામ પણ એ જ આપ્યું રત્નરાજ.
ત્નરાજ યોગ્ય લાલન પાલનમાં વૃદ્ધિ પામતા ગયા,
ળામાં પ્રવેશ કરાવ્યો.
વ્યવહારિકના સાથે ધાર્મિક અધ્યયન તરફની રુચિ

વિશેષ. એટલે ધાર્મિક અધ્યયનમાં પ્રગતિ કરી અને ટુંક સમયમાં જ પ્રકરણ અને તાત્ત્વિક ગ્રન્થોનું અધ્યયન કરી લીધું.

વડીલભાઈ માણેકચંદ હતા.

માતા પિતાની આજ્ઞા લઇ બન્ને ભાઇ ગયા ધુલેવાની યાત્રા કરવા માટે.

ઉંમર અલ્પ છતાં શક્તિ ઘણી.

પુદ્ગલ નાનું હતું છતાં માનસ વિકસ્વર થયેલ હતું.

પગપાળા જવાનું છતાં રત્નરાજ હિંમત ન હાર્યા.

શાના હારે, હજુ તો ઘણું કરવાનું હતું.

ગયા સકુશળ કેશરિયાજી, કરી યાત્રા અને થયા ધન્ય!

પાછા ફરતાં રસ્તામાં રોમાંચક અને ભયજનક પ્રસંગ દેખાયો.

જયપુર પાસે 'અંબર' એવું ગામ.

ત્યાં વસતા શેઠ કન્હૈયાલાલજી એમનું નામ.

પોતાની એકની એક પુત્રી. સહકુટુંબ આવેલા યાત્રા કરવા, પાછા વળતાં ઘેરી લીધા એમને ભીલ લોકોએ.

આશા ભરી યુવતિને ભીલો પજવવા માંડ્યા,

ઘણી દયનીય સ્થિતિ, છતાં આવા ભયંકર વન પ્રદેશમાં સહાયક કોણ ?

રત્નરાજ આવી રહ્યા હતા, એમનાથી આ ન દેખી શકાયું.

કર્મોને હરાવવા વીરના પંથે વિચરવાની કામનાવાળા બાલવીરથી આ સહન ન થયું ! મોટાભાઈની આજ્ઞા લીધી અને નિર્દયી, પજવનારા ભીલો સામે મેદાને પડ્યા. બાલ્યવય

છતાં પોતાના પરાક્રમે ચોરોને ભગાડ્યા અને શેઠને
શાંત્વના આપી [૧૧]

શેઠ પણ હવે એક વાત ઉપર આવ્યા. જે પુત્રીને તમે
ભરાવી એવું વેવિશાળ પણ હવે તમારા સાથે જ કરવું છે
તેનો સ્વીકાર કરો!

ત્યાગના પંથે વિચરનારને ક્યાં આવી ખપ હતી.
તેમજાવીને આગળ વધ્યા,

ક્ષેમખેમ ઘેર પહોંચ્યા. પોતાના પુત્રના સાહસની
થી માતાપિતા પ્રસન્ન થયાં.

હજુ બાકી હતું ઘણું.

વીલભાઈના સાથે ધંધાર્થે સિંહલદ્વીપ (સિલોન)
ગયા. તેમનું મન આ માર્ગે હતું જ નહિ. અને એટલે જ
ત્યાંથી કલકત્તા આવ્યા. થોડો સમય વ્યતીત કરી ત્યાંથી
દીધા ઘેર પહોંચ્યા.

અને માતાપિતાએ ક્રમશઃ મહાપ્રયાણ કરી દીધું.

ભારેલ અગ્નિ પ્રગટ થઇ જાય હવાના ઝપાટામાં જેમ
તેમ રત્નરાજનો વૈરાગ્ય ભાવ જાગૃત થઇ ગયો.

વૈરાગ્યના બીજને વિકસાવનારા અને સિંચન કરનારા
શ્રીપૂજ્ય શ્રીપ્રમોદસૂરિજી પધાર્યા ભરતપુરમાં.

ઉપદેશામૃતનું પાન કરી તૃપ્ત થયા, મેઘગર્જનાથી
મયૂર નાચવા માટે તેમ વીતરાગવાણી સાંભળીને રત્નરાજનું
મન-મયૂર પ્રફુલ્લ થઈ ગયું.

માતાપિતાના દેહોત્સર્ગ પછી ભગવાન મહાવીરસ્વામીએ
જેમ નંદીવર્દ્ધન ભાઈની આજ્ઞા લઈને સંયમ સ્વીકાર્યો તેમ
ટીલભાઈ શ્રી માણેકચંદની આજ્ઞા લીધી અને સં. ૧૯૦૩

માં ઉદયપુરના આંગણે ચારિત્રરત્નને સ્વીકાર્યું. પ્રારંભમાં સાનિધ્ય મળ્યું યતિશ્રી હેમવિજયજી મહારાજનું.

જયજયકાર કરી દીધો જનસમુદાયે.

જયજયકારથી ભરી દીધું નભોમંડળ.

નવદીક્ષિત રત્નરાજ હવે થઈ ગયા

' મુનિ રત્નવિજય '.

કાળનું કામ કાળ કર્યે જતો હતો. અને વહ્યે જતો હતો પૂરવેગમાં વહેતી વર્ષાકાળની સરિતાના જેમ.

મુનિશ્રી પોતાનું જ્ઞાન સંપાદન કરવા પાછળ દત્તચિત્ત થઇ ગયા હતા.

વ્યાકરણ, કાવ્ય, અલંકાર !

ન્યાય, દર્શન, જ્યોતિષ !

વૈદ્યક, કોષ અને આગમ !

કોઈ વિષય અણઆવડ્યો ન રહેવો જોઇએ.

સં. ૧૯૦૯ માં વડીદીક્ષા, અને પંન્યાસ પદવી આપવામાં આવ્યા ઉદયપુરના આંગણે.

આગમશાસ્ત્રનું ગહન અધ્યયન કરવા માટે ગયા ખરતર ગચ્છીય શ્રી સાગરચંદ્રજી મ. પાસે.

દાક્ષિણ્ય અને વિનયાદિ ગુણોથી યુક્ત યોગ્યપાત્ર દેખીને સાગરચંદ્રજીએ પ્રસન્નતાપૂર્વક ખૂબ ખૂબ આપ્યું.

વિશેષ મનન પરિશીલન કરવા માટે આવ્યા તાત્કાલીન તપોગચ્છીય શ્રી પૂજ્ય દેવેન્દ્રસૂરિજી પાસે.

મુનિ રત્નવિજયજી ટુંક સમયમાં જ શ્રી પૂજ્યજીના પ્રીતિપાત્ર થઇ ગયા.

વિદ્યા, વિનય, વિવેકાદિ ગુણો કોને નથી આકર્ષિત
કરતા!

શ્રી પૂજ્યજીનો જ્યારે જીવન દીપક ટમટમી રહ્યો હતો
ત્યારે રત્નવિજયજી અને પોતાના શિષ્ય ધીરવિજયજીને
પોતાના પાસે બોલાવ્યા અને કહ્યું.
રત્ન! આ ગચ્છનો ભાર હમણાં તમારા ઉપર છે.
રિને સમ્પાવી, યોગ્ય કરીને ગાદીનશીન કરવાનું અને
ગીર વ્યવસ્થા સંભાળવાનું તમને સોંપું છું.
અને શ્રી પૂજ્યજીનો જીવનદીપ સદાના માટે બુઝાઈ ગયો.
શ્રી રત્નવિજયજીએ શ્રી પૂજ્યજીના આજ્ઞાનુસાર ભણાવ્યા
ધીરવિજયજીને, કર્યા પ્રવીણ અને બનાવ્યા શ્રી પૂજ્ય?
નામકરણ કર્યું શ્રી પૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિ.
પોતાનું ઘડતર કરનાર એવા રત્નવિજયજીને એમણે
આપ્યું 'દફતરી પદ.'
આ પદ તે કાળ અને તે સમયમાં ઘણું ઊંચું અને
ગૌરવપૂર્ણ ગણાતું.
ગચ્છીય સર્વસત્તા દફતરીની રહેતી.
દફતરીજીએ પોતાની પ્રતિભા અને કૌશલ્યથી બંધ
થયેલ છડી, ચામર, પાલખી આદિ રાજાઓ પાસેથી
પાછા અપાવ્યાં.
આમ દિવસો જઈ રહ્યા હતા, ગાડી ચાલતી હતી.
ઘણા યતિઓને પં. શ્રી રત્નવિજયજી ભણાવતા હતા
જેવું જ્ઞાનિઓએ કહ્યું તેવું.
અભ્યાસી અને મુમુક્ષુ યતિઓ અવાર નવાર પૂછતા.
મહારાજશ્રી ! ત્યાગીને રાગીના જેવા રાગ અને રાગના

આધનો ભગવાને વર્જિત કર્યા છે, ત્યારે આપણે ત્યાં તો બધું ય ચાલે છે.

એ કહેતા ભાઈ! વાત તદ્દન સાચી છે પણ સાચાને આચારવા માટે કોઇ તૈયાર નથી.

કેમ નહિ ? મહારાજશ્રી જો કોઈ તૈયાર થાય સાચા માર્ગને સ્વીકારવા તો અમે પણ તૈયાર છીએ.

આત્માર્થીઓની આવી ઇચ્છા દેખીને એ કહેતા હુ ઇચ્છું છું આવી શિથિલતાને દૂર કરવા પરંતુ અવસરે દેખાશે.

જો આપ કંઇ પણ કરો તો એની અમને પણ અવશ્ય સૂચના કરશો, આવી વાતો અભ્યાસી યતિવરો યદા કદા કહેતા.

પં. શ્રી રત્નવિજયજી પણ એમને જવાબ આપીને સંતોષતા.

છતાંય ઊંડે ઊંડે આટલી શિથિલતા એમને ડંખતી રહેતી.

ત્યાગ, વૈરાગ્યની ફોરમ પ્રસરાવનાર ઉપાશ્રયો સુગંધી અત્તર અને તેલથી મહેકી રહેતા.

સુંદર રંગબેરંગી ગાલીચાઓનો છુટથી ઉપયોગ થતો.

ભાર જેવું જીવન એમને કલ્યાણના બદલે અકલ્યાણ કરનારૂં દેખાવા માંડ્યું.

પણ અવધિનોય આંકો આવે છે.

સં. ૧૯૨૩ નું ચોમાસું.

મરૂભૂમિમાં ઘાણેરાવ નગર.

મૂછાળા મહાવીર ભગવાનનું ધામ.

શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજી, દફતરી પં. શ્રી રત્નવિજયજી યતિમંડળ સહ ચાતુર્માસ રહેલા.

દેવી સંકેતો!

[૫૫]

પર્વોના રાજા જેવાં આવ્યાં પર્વાધિરાજ પર્યુષણ.
ધર્મારાધનાની છોળો ઊછળી રહી હતી.
દક્ષતરીજી મહારાજની વ્યાખ્યાન શૈલી અનુપમ હતી.
જનમાનસને આરાધનામાં આગળ વધવા અને કંઈક
કરી દેવા માટે દિવ્ય પ્રેરણા આપનારી હતી.
અષ્ટાહ્નિકા વ્યાખ્યાન પૂરું થયું.
કલ્પસૂત્ર વાંચન આરંભ કર્યું.
શ્રોતાઓની ભીડ હેકડે ઠઠ જામતી હતી.
આજ ભાદરવા સુદિ ૨ (તેલાધર)નો પવિત્ર દિવસ.
ન મહાવીરદેવનું જીવન ચરિત્ર વાંચન ચાલુ હતું.
ભગવાન દરેક જાતના રાજવૈભવોને સર્પકંચુકીવત્ ત્યાગ
કરીને ત્યાગ માર્ગે પ્રવૃત્ત થયા, જનસમુદાય દેખતો જ રહ્યો
અને ભગવાન યોગીરાજના જેમ ચાલી નીકળ્યા.
વ્યાખ્યાનમાં અજબ રંગ આવ્યો હતો, ભગવાનના
ત્યાગનું વર્ણન કરનાર દક્ષતરીજી મહારાજના શબ્દોને
સાંભળીને સમાજનો ભાવવિભોર બની ગયા હતા.
વ્યાખ્યાન પૂરું થયું, ભગવાન મહાવીરની જયજયકાર
થે લોકો વિખેરાયા.
પ્રવચનકાર પહોંચ્યા સીધા શ્રી પૂજ્યજી પાસે.
ચિત્ત ચોંટી ગયું હતું વીરના ત્યાગ માર્ગના વિચારોમાં.
તું શ્રી પૂજ્યજી પાસે જુદો જ અનુભવ થયો.
હો ? રત્નવિજયજી ?
દેખો તો, અંતર કેવું સારું છે ? આપણે કઈ જાત
[illegible]

શબ્દો સાંભળતાં જ એગનાથી ન રહેવાયું.

મહારાજ ? આપના મોઢે આ શબ્દો ન શોભે !

શ્રી પૂજ્યજીએ પુનઃ પ્રશ્ન કર્યો એટલે શું ?

મહારાજ ? ત્યાગીને વળી અત્તર કેવાં અને અત્તરની ગંધ કેવી ?

રત્નવિજયજી ? એ તો ઠીક છે. હવે લાંબુ વેતર્યા વિના પૂછેલ વાતનો જવાબ આપોને ?

મહારાજ ? હું તો કંઈ કહી શકું તેમ નહિ. હાં, એટલું જાણું છું કે ત્યાગીને મન અત્તર અને ગધેડાનું મૂત્ર (મૂતર) બન્ને સરખાં છે. ગૃહસ્થનું ભૂષણ ત્યાગીના માટે દૂષણ છે.

રત્નવિજયજી ! બસ કરો. આશા નહોતી કે તમે આમ જવાબ આપશો, પણ અમારા આશ્રયે રહીને અમારા સામે આવા શબ્દો બોલો છો એ ખરેખર દુઃખદ છે.

શ્રી પૂજ્યજી ? સાચું કડવું હોય છે અને સાચાનો કહેનાર કડવો ઝેર જેવો લાગે છે.

રત્નવિજયજી ! હવે વધુ બોલવું બંધ કરો અને કરી બતાવો ઉત્કૃષ્ટ ત્યાગ પછી ત્યાગભર્યા શબ્દો સંભળાવજો ?

ભાવતું હતું અને વૈદ્યે કહ્યું ?

અત્તરની એક શીશીએ પરિવર્તન કર્યું ધરમૂળથી,

વિચાર, વાણી અને વ્યવહાર બદલાયાં.

રજનો ગજ અને પાંખના પારેવા જેવો ઘાટ થઇ ગયો.

પં. શ્રી રત્નવિજયજીએ તો ત્યાંજ શ્રી પૂજ્યજીથી

ંક્ષા લીધી અને આવ્યા આહોર, પોતાના ગુરૂવર શ્રી
પ્રમોદસૂરિજી પાસે.

હકિકતથી વાકેફ કર્યા.

ગુરૂએ શિષ્યની પ્રતિભા દેખી.

વિચારોમાં દૃઢતા દેખી.

ત્યાગ માર્ગ રક્ષવાની તમન્ના દેખી !

ભાવિના ગર્ભની ભવ્યતા પારખી.

શ્રી પૂજ્ય શ્રી પ્રમોદસૂરિજીની વૃદ્ધાવસ્થા હતી. ગચ્છનો
ભાર સંભાળવાની શક્તિ શિષ્યમાં નિહાળીને શ્રી સંઘની
સાક્ષીએ ઉત્સવ પૂર્વક શ્રી પૂજ્ય પદવી આપી અને પોતાના
ધર તરીકે ઘોષિત કર્યા.

આહોરના ઠાકોરે છડી, ચામર, પાલખી, દુસાલા,
જમુખી આદિની ભેટ આપી.

પં. રત્નવિજયજી હવે થયા શ્રી પૂજ્ય શ્રીમદ્
રાજેન્દ્રસૂરિજી મહારાજ.

પ્રસિદ્ધિ વધવા માંડી.

યશ ચોમેર ફેલાવા માંડ્યો.

કીર્તિ કથા થી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજી સુધી પહોંચી.

શ્રી પૂજ્ય શ્રી પ્રમોદસૂરિજી પોતાના છેલ્લા વર્ષોમાં આયં
બિલની તપશ્ચર્યામાં રહેતા હતા.

સુશિષ્ય થઈ આજ્ઞા લઈ નિકળ્યા.

રાજસ્થાનમાં ફર્યા. લોકોના હૃદયને જીતનારા શ્રી
પૂજ્યજી મેવાડ અને માળવામાં પહોંચી ગયા.

જ્યાં જંગલી જાનવરો અને શિકારીઓ જ ફરતા રહે નિરંતર ! તેવામાં જઈ કલાકો સુધી અડગપણે ઊભા રહી આત્મચિંતન કરતા !

વળી કોઇ કહેતું ત્યાં તો અજબ બિના બની હતી !

એક ભીલ આવ્યો હતો અને એણે તો સફેદ સફેદ દેખીને દૂરથી જ તીરોનો વરસાદ કરવા માંડ્યો. પણ એકેય તીર એ ધ્યાનસ્થ ગુરૂદેવના દેહને સ્પર્શતું જ ન હતું ! એ આવ્યો દોડતો અને ઢળી પડ્યો એ ગુરૂદેવના ચરણોમાં, અને અપરાધની ક્ષમા માંગી.

ગુરૂ તો ક્ષમાના સાગર અને દયાના દરિયા એમને શું ?

પણ ભલા ઉપદેશ પણ અંતરને ભિંજવી દે એવો છે, આત્મવિભોર કરી દે એવો છે.

હોય જ ને, ફરી કોઈ ટાપસી પૂરતું. જો ન હોય એમના ઉપદેશમાં એટલું બળ તો જાલોર (મારવાડ)માં એક સાથે ૭૦૦ ભાગ્યશાળીઓને મૂર્તિ પૂજાના માર્ગે વાળવા અને એમાં સ્થિર કરવા એ કંઈ નાની સૂની વાત છે ?

વળી સંભળાતું ગુરૂ જ્ઞાની તો છે જ પરંતુ સંસ્કૃતિને ટકાવી રાખવા ઘણી જહેમત ઉઠાવે છે.

એની કોણ ના પાડે છે ભાઇ ? કોઇક જવાબ આપતા કે જો એટલી ધગશ સંસ્કૃતિના સ્તંભો પ્રત્યે ન હોત કે આરાધના કેન્દ્રો પરત્વે ન દાખવી હોત તો રાજ્ય કબજા હેઠળના અને શસ્ત્ર તથા દારૂગોળાથી ભરેલા જાલોરના કિલ્લાનાં ભવ્ય મન્દિરોની રક્ષા કાજે સર્વ રીતે રાજ્ય સરકારથી બાથ ભીડવી, એ મંદિરો ખાલી કરાવી જૈન સંઘને સોંપાવવા એ કાંઇ સાધારણ બીના કહેવાય ? આવી તો કેટલીએ વાતો એ ગુરૂદેવના જીવનમાંથી મળી શકે તે

[૧૧]

કચાંકથી એવો સૂર આવનો અસ્યા ? એ નથી સાંભળ્યું
! ધ્યાન યોગના બળે ભવિષ્યના ગર્ભમાં રહેલું પણ કહે
છે એ ગુરૂદેવ ?

ઉત્તર વાળનાર કહેતા હા, ભાઇ હા ? એ કેમ ભૂલી
શકાય ? ૧૯ દિવસ અગાઉ ફુટીમાં અગ્નિ પ્રકોપ થશે અને
એનો પ્રારંભ ગંગારામ બ્રાહ્મણના ઘરથી થશે. ગુરૂદેવની
આ વાત સાચી પડી. આવી વાત કહેવી એ કંઇ મામુલી
વાત કહેવાય ?

આમ તો ઘણી વાતો જાણવા મળે છે એમના જીવનની.

કેમ ભલા ? અમદાવાદમાં વાઘણ પોળના શ્રી મહા-
સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા વખતે પણ એ પૂજ્યશ્રીએ
સૂચન કરેલને કે જે પાછળથી સત્ય થયું.

આમ દિવસે દિવસે એ શુદ્ધ ક્રિયા પાલક, સન્માર્ગના
શક, સદ્‌ગુરૂદેવની ગુણ ગરિમા સર્વત્ર મહેકી ઊઠી.
ચંદ્રકળાની જેમ કીર્તિ પ્રસરવા માંડી.
સમુદ્રની ગંભીરતાનાં એમનામાં દર્શન થવા માંડ્યાં.

એક તરફ સુષુપ્ત સમાજમાં ક્રાન્તિ અને બીજી તરફ
શિથિલાચારનું ઉન્મૂલન !

હચમચાવી મૂકે એવી પરીક્ષાની પળે પણ એ અડગ
રહ્યા સૂરિ દેવ !

શું ઝંઝાવાત મેરૂપર્વતને ક્યારે ડોલાવી શકયો છે ?
શું પોતાના દંતુશળથી હાથી પહાડને હલાવી શકયો છે ?
શું વાદળો આડા આવીને પણ સૂર્યની તેજસ્વીતાને
ઢાંકી શક્યાં છે ?

" કર્તવ્યનો આનંદ જેને હૃદય ઓસરતો નથી.
કર્તવ્ય પંથે ચાલતાં જે ઠોકરો ગણતો નથી.
કલ્યાણ જગનું એ જ જેના સૌખ્યની પારાશિશિ
એ વિભુતિ વંદનીય દર્શનીય દિનનિશિ.

પરિષહો અને ઉપસર્ગો આવતા રહ્યા પરંતુ અંતે એ યોગીરાજના સામે પરાસ્ત થવું પડયું એમને !

જેઓ નિરત રહ્યા પોતાની સાધનામાં,

જે સાધનામાં રત રહે એને સિદ્ધિ મળે જ છે.

પરંતુ સાધકે સિદ્ધિની ઉત્સુકતા છોડીને સાધનામાં રત રહેવું જોઈએ.

પૂજ્યપાદ ગુરૂદેવ શ્રીમદ્વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ અપૂર્વ સાધક હતા.

જે કલાકો સુધી ધ્યાનમાં મગ્ન રહી આત્મચિંતનમાં ગરકાવ થઇ જતા હતા.

સખ્ત ઠંડી અને પ્રચંડ ગરમીમાં દેહાધ્યાસથી મુક્ત થઇ આત્માભિમુખ થવાનો એમનો ધ્યેય હતો !

એ અજોડ સાહિત્યકાર હતા !

એમના વિશાળકાય ગ્રન્થોને ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો ઘણા જ આદરથી સ્વીકારે છે અને આવા સાહિત્યકારની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. એટલું જ નહિ એમને નમી પડે છે.

એમની કૃતિઓમાં પ્રમુખ રૂપે પ્રસિદ્ધ છે.

જેને બૃહદ્ વિશ્વકોશના નામથી જાણે છે સહુ.

એનું નામ છે 'અભિધાન રાજેન્દ્ર' કોષ.

એક નહિ, સાત ભાગમાં વહેંચાયેલ છે.

વિશાળકાય આ ગ્રન્થરાજને દેખતાં જ એમની શક્તિની અભિવ્યક્તિ અને જ્ઞાનનાં દર્શન થાય છે.

ન્યાય, દર્શન, જ્યોતિષ, તર્ક, ધર્મ, સાહિત્ય, અલંકાર, વૈદક ઇત્યાદિ વિષયક પ્રમાણો આ ગ્રન્થ સાગરમાંથી ઉપલબ્ધ થાય છે.

શબ્દ, વ્યુત્પત્તિ અને લિંગભેદના સાથે તે કયા ઠેકાણે ક્યારે શું અર્થમાં વપરાયો છે તેનું સ્પષ્ટ વર્ણન આ ગ્રન્થરાજમાં દેખી શકાય છે.

એ સાહિત્ય સાધકે 'પ્રાકૃત વ્યાકૃતિ' શ્લોક બદ્ધ ...ર કરીને ઘણી જ સુલભ રીતે પ્રાકૃતનું જ્ઞાન કરવામાં ...પૂર્ણ સહાય કરી છે.

'કલ્પસૂત્રાર્થ પ્રબોધિની' સંસ્કૃત ટીકા અને કલ્પસૂત્ર બાલાવબોધની સરસ પ્રસાદી આપીને મહાનતમ કાર્ય કર્યું છે એ ક્ષેત્રમાં.

એમના ઉપદેશમાં સ્વાવલંબી રહેવાનો અને આત્માભિમુખ થવાનો હંમેશાં ઝંકાર રહેતો.

એ અપૂર્વ ત્યાગી હતા.

શ્રમણ જીવનના નિયમોને અટલપણે સાચવવા અને એના માટે કંઈ પણ ત્યાગ કરવો પડે તો તે માટે તત્પર રહેવું એમનો મુદ્રાલેખ હતો.

પોતાની વાત જ સાચી છે એવો કદાગ્રહ એમના જીવનને સ્પર્શ્યો નહોતો ! વીતરાગના વચનોમાં સંગત થાય એવો જ એમનો ઉપદેશ હતો.

એમની વ્યાખ્યાન પદ્ધતિ ખરેખર અદ્વિતીય જ હતી.

કુક્ષીના ચાતુર્માસ દરમ્યાન ૪૫ જૈનાગમો વ્યાખ્યાનમાં સંભળાવેલ, જે ગોગની પ્રખરતાનો પરિચય આપે છે.

વિવિધ પ્રકારી આરાધનાઓ દ્વારા પોતાના જીવનને સમુજ્જવલ કરતા એ પૂજ્ય ગુરૂદેવશ્રીનો સં. ૧૯૬૩ના પોષ સુદિ ૭ના દિવસે રાજગઢ(મધ્યપ્રદેશ)માં સ્વર્ગવાસ થયો.

પુણ્યભૂમિશ્રી મોહન ખેડા તીર્થ ભૂમિ બની ગઈ જ્યાં ગુરૂદેવશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

અંધકારને દૂર કરનાર દિવાકર અસ્ત થઇ ગયો.
એ ગયા પણ તત્ત્વનું પાન કરાવી ગયા.
અજ્ઞાનનું ભાન કરાવી ગયા.
ભૂલેલાની શાન ઠેકાણે લાવી ગયા.
વીતરાગના માર્ગને સમજાવી ગયા.
એ ગયા છતાં એમની જ્યોતિ કાયમ રહી.
એમના કરેલા પુનીત કાર્યો અમર રહ્યાં
છે, અને રહેશે.

એ વિશ્વવંદ્ય, વિરલ વિભુતિ, પરમ યોગી પરમ જ્ઞાની પ્રતિક્ષણાનું સ્મરણીય પૂજ્ય ગુરૂદેવ પ્રભુ શ્રીમદ્વિજય રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજને ભાવ ભક્તિભર્યા હૈયે આ પુષ્પાંજલી સાદર સમર્પિત કરી શત શત વંદન કરીએ.

*

સ્વાવલંબનની પ્રેરણામૂર્તિ

જીવનધોરણના વિકાસ માટે વીતરાગવાણી અને તેમાં રહેલ સત્વમય મધુર રસનું પાન અત્યંત જરૂરી છે. ભમરો ફૂલના પમરાટને પામી તે બાજુ જઈ પરાગનું પાન કરે

છે. તેનો જે રસ છે તેમાં મશગુલ બની જાય છે. કારણ
એ જ કે તે પોતે સત્ત્વ અને તત્ત્વનો ગ્રાહક છે. તેવી જ રીતે
મ્ય જીવો વીતરાગ વાણીમાં રહેલ અમૃતરસનું પાન કરતા
રહે છે અને સ્વસાધનમાં આગળ પગલા માંડતા હોય છે.

વીતરાગના શાસનમાં એક મહાન તત્ત્વ રહેલ છે. અને
ત પ્રાણિમાત્રને સર્વાધિકારની પ્રાપ્તિ અર્થાત્ પ્રત્યેક જીવાત્મા
રેક સ્થાન પર જવા માટે શક્તિવંત છે પરંતુ તેમાં જોઈએ
માવંબનને પકડી સ્વાવલંબી બનવાની ચેષ્ટા, અને આત્મો-
ન્નતિના શિખરે પહોંચવાની ઉત્કૃષ્ટ અભિલાષા.

જ્યાં સુધી સ્વાવલંબી બનવાની આત્મપ્રેરણા નથી
જાગી અને પરાવલંબી રહીને સ્વશક્તિને દબાવી રાખવાની
ચારસરણી બની રહે છે ત્યાં સુધી જીવનધારણનો પ્રગતિ
। અટકેલો જ રહે છે. જૈન સિદ્ધાંતમાં ઉન્નતિની આધાર-
રા 'સ્વાવલંબન'ને બતાવાઇ છે.

દંડનું આલંબન સ્વાવલંબન પ્રાપ્તિમાં અભૂતપૂર્વ સાથ
ાપે છે. માનવજીવનની મહત્તાનાં દર્શન કરતાં અને તેની
ર્ણતાનું અવલોકન કરતાં સ્હેજે જણાઈ આવે છે, કે
રાં મોંઘા નરભવને સાર્થક કરવા માટે સ્વાવલંબી બન્યા
ચાલી શકે જ નહિ.

છતાં આજ વહેમ અંધશ્રદ્ધા અને આશાતૃષ્ણાની
ભૂતાવળો વધી રહી છે. સ્વાવલંબનના પ્રથમ પગથિયાને
ભૂલીને મહેલ ઉપર ચડવાનાં સોણલા સેવાઈ રહ્યા છે.
વીતરાગના ઉપાસકો પણ એ વાતને વિસરી રહ્યા છે કે
એક વખત પણ ભાવપૂર્વક 'નમો અરિહંતાણં' પદને
બોલનારો નિર્ભીક બની શકે છે. કોઈ પણ વિઘ્ન એના
ાર્યને રોકવા સમર્થ નથી. એ પદની શક્તિ સ્વાવલંબી

બનાવે છે અને પછી તો એની શક્તિને આંબવાની કોઈની તાકાત નથી રહેતી.

જૈન દર્શનમાં (સિદ્ધાંતમાં) દર્શાવેલ એવા સ્વાવલંબનના પ્રખર હિમાયતી વીશમી સદીમાં જૈનાચાર્યવર્ય શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ થયા. જેમણે આગમોનું ગહન રીતિએ અધ્યયન, મનન અને ચિંતન કર્યું. દ્રવ્ય, ભાવનું વિપદ વિશ્લેષણ કર્યું, વીતરાગદેવની આજ્ઞા અને ઉપદેશનું સાર્થક સ્વરૂપ સમજાવ્યું. તેમણે ભગવતી વીતરાગ વાણીની સાક્ષીએ કહ્યું કે બાહ્ય અને અભ્યંતરમાં ભેદ છે, રોગ નિવારણ માટે ઔષાધઓ છે; પરંતુ તેમની સેવનની વિધિઓ જુદી જુદી છે. દરેક જગ્યાએ એક જ ક્રિયા અને વિધિથી કામ લેતાં ઔષધિનું મહત્વ ઘટશે, રોગ ન ઘટીને ઉલ્ટો વધશે એમાં સંશય નહિ.

વિધિને અનુષ્ટાન પણ કરે છે, તેમણે કહ્યું કે આત્મતત્વને સંલક્ષીને કરાવતી ક્રિયા, વિધિ યા અનુષ્ઠાન આત્માનુષ્ઠાન છે. ભાવાનુષ્ઠાન છે એ અનુષ્ઠાનો કરતી વખતે આત્મશક્તિનો તાગ નિકળવાનો છે, આત્મનિર્મળતાનો અને નિર્ભયતાનો પરિચય આપવાનો છે. આત્મિક સુખની અનુભુત કરવાની છે.


સામાયિક જેમાં સમભાવની પ્રાપ્તિ અને વિસમ ભાવોનો નિકાલ કરવાનો છે. પ્રતિક્રમણ જેમાં ભૂલ્યા ત્યાંથી ફરી ગણીને પાછા પ્રશસ્ત પથ પર પ્રચલન કરવાનું બતાવ્યું છે. આ ક્રિયાઓ કે ભાવ અનુષ્ઠાનો આત્માથી સંબંધ રાખનારા છે અને એટલે જ તે કરતી વખતે કોઈ પણ જાતની ન્યૂનતા કે હીનતા બતાવવાની જરૂર નથી. એક તરફ સર્વ મિત્રતાના ભાવ અને બીજી બાજુ શત્રુ નાશ થાઓના ક્ષુદ્ર વિચારો સમભાવની ક્રિયામાં બેસીને કરવા એ વીતરાગના

ઉપાસકો માટે લજ્જાસ્પદ કહેવાય. એટલા માટે સ્વશક્તિની ઓળખાણ કરાવી વર્દ્ધમાનના માર્ગે આગળ વધવાની પ્રબળ પ્રેરણા આપવા માટે એ પ્રેરણા મૂર્તિનું અવતરણ થયું હતું. જેમણે વીતરાગ વાણીના સંદોહમાંથી દોહન કરી ભ્રમિત માનવને સ્થિર થવા ઉપદેશ આપ્યો.

'લકીર કે ફકીર' બનવું એમને બિલકુલ પસંદ હતું જ નહિ. અને એટલે જ એમણે સુપ્ત માનવ મહેરામણને જાગૃત કરવા અને માનવજીવનનું મૂલ્યાંકન સમજાવવા અપ્રતિબદ્ધ વિહાર પણ કરેલ. અનેક કષ્ટો સહ્યા અને મહાવીરના ઉપદેશનો ખૂબ દૃઢતાથી પ્રચાર કરેલ.



[૯]



રૂડો રાજસ્થાન પ્રદેશ.

રણબંકા રણવીરોની જન્મભૂમિ.

જ્યાં એક એકથી આગળ વધે એવા રણવીરો પાક્યા. કર્મવીરો પ્રગટ્યા અને અનેક ધર્મવીરો પણ પ્રકાશી ગયા.

પ્રતાપ જેવા રણવીરોએ ક્ષાત્રતેજને ઝળહળાવ્યું અને ભારતીય સંસ્કૃતિની રક્ષા કરી! ભામાશાહ જેવા કર્મવીરોએ દેશ, સમાજને ચરણે તન, મન, ધન અર્પણ કરીને યુગ અને ઈતિહાસને અજવાળ્યાં. ત્યારે આચાર્ય શ્રીમદ્ હરિભદ્રસૂરિજી અને શ્રીમદ્ સિદ્ધર્ષિગણિ જેવા ધર્મવીરોએ સિદ્ધાન્તનું અવગાહન કરી ધર્મનો પ્રચાર કરી ત્યાગમાર્ગને શોભાવ્યો! સાહિત્ય જગતને વિકસિત કર્યું અને માનવીય ગુણોની રક્ષા કરી!

આ ધરતીનો ખોળો ખુંદનારા કેટલાય દેહધારીઓ ...ત્મા અને ગયા પરંતુ માત્ર આંગળીના વેઢા ઉપર ગણી શકાય એવા ઘણા જ થોડા તેમાંથી સર્વદેશીય પ્રસિદ્ધિને પામી શક્યા છે!

...ગંજ ખડકાયેલા પત્થરોની પર્વતમાળાઓ, ગીચ જંગલો અને મખમલ સરખી સુંવાળી રેતીથી આ ધરા દેશવિદેશમાં પોતાનું અસ્તિત્વ જાળવી રહી છે.

ચિત્તોડ, ઉદયપુર, જયપુર, જોધપુર, બીકાનેર, ભીનમાલ, સાચોર, ઝાલોર ઈત્યાદિ અનેક પ્રાચીનાર્વાચીન નગરો આ ધરતીના શણગારસમા શોભી રહ્યા છે.

કેશરિયાજી, રાણકપુર, નાંદિયા, કોરંટપુર (કોરટા) ઓશિયા, વરકાણા, બાંડવપુર, નાકોડાજી, જીરાવલાજી આદિ પુનીત તીર્થભૂમિઓ જ્યાં ધર્મધ્વજાઓ ફરકાવતી ઉન્નત મસ્તકે ઊભેલી દેખાય છે.

અનેક ગામ નગરોમાં કિશનગઢ પણ ખ્યાતિ-પ્રાપ્ત નગર હતું.

જેમાં એક ધર્મમૂર્તિ શ્રેષ્ઠિવર્ય રહેતા હતા.

ભાગ્યશાળી ઋદ્ધિકરણજી એમનું નામ.

એમનાં ધર્મપત્ની હતાં સૌભાગ્યવતી અચલાદેવી.

ગોત્ર હતું કંકુચોપડા.

પતિ ઋદ્ધિકરણ અને અર્ધાંગના અચલા.

કેવો સુંદર યોગ જામ્યો હતો.

દંપતિની એક અભેદ હતી. સુખ અને શાન્તિપૂર્વક રીતે બન્ને ય પોતાના જીવનને આરાધનાથી અજવાળી રહ્યાં હતાં.

આંગણે બોલાવવામાં આવ્યું. પ્રત્યેક ગચ્છના વડાઓ અને ગણનાયકો ત્યાં પહોંચ્યા! વિચારણીય મુદ્દાઓની છણાવટ અને નિર્ણયની ઘણી ભારે જવાબદારી હતી ત્યાં જનારના માથે.

પોતાના ગણના અધિનાયક પૂજ્યવર શ્રીમદ્વિજય ભૂપેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પણ પોતાના પરિકર સાથે ત્યાં પધાર્યાં!

અનેક પ્રશ્નો અને વિચારોની આપલે થતી. વારંવાર સામે આવતી કોઇ પણ ગુંચવણભરી ક્રિયા–પ્રક્રિયાને પોતાની વિદ્વતાથી આચાર્યશ્રી થાળે પાડતા એટલું જ નહિ પરંતુ મધ્યસ્થ દૃષ્ટાની જેમ દરેક વિષયમાં સર્વને રૂચિકર એવું પોતાનું મન્તવ્ય રજુ કરીને પ્રત્યેકના આદરણીય બની ગયા.

સમ્મેલનની પૂર્ણાહુતિ પ્રસંગે સમાજ સામે આવતા કોઇ પણ પ્રશ્નોનો નિકાલ અને સિદ્ધાન્ત પ્રત્યે થતા આક્ષેપોનો સચોટ રદિઓ આપવા માટે વૃદ્ધોની એક સમિતિ બનાવવામાં આવી જેમાં આચાર્યદેવ શ્રીમદ્વિજય ભૂપેન્દ્રસૂરીશ્વરજી મ૰ને પણ સ્થાન મળ્યું અને લોકહૃદયમાં પણ વસી ગયા.

સાહિત્ય જગતમાં પણ આપશ્રીએ અજોડ કામ કર્યું! વિશાળકાય વિશ્વકોશ 'શ્રી અભિધાન રાજેન્દ્ર' જે પરમ કૃપાળુ પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજે લખેલ હતો તે મુનિરાજ શ્રી યતીન્દ્રવિજયજીના સહયોગથી સંશોધિત કરીને પ્રગટ કરાવ્યો! જે અખિલ વિશ્વમાં અજોડ કૃતિ છે.

શ્રી ચંદ્રરાજચરિતમ્, દૃષ્ટાન્ત શતકમ્, શાન્ત સુધારસ ભાવના આદિ ગ્રન્થો તેઓશ્રીના પાંડિત્યનો સચોટ પૂરાવો આપનાર છે.



ભાવુકોની ભાવના

[૧૧]



પ્રત્યેક પ્રસંગ પોતાની પવિત્રતાથી જ પરમોત્કૃષ્ટ બની જાય છે. બધુંય મળે છે છતાં પ્રસંગે જો એનો લાભ ન ઉઠાવી શકાય તો પછી એ બધુંય મળેલું પણ ક્યારે સાર્થક થવાનું હતું ?

ધાનેરાની ધરા પવિત્ર બની. પરમ પૂજ્ય ગુરૂદેવોની ભવ્ય પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી. ત્યારે બધાય ભાવુકોની ભાવના પણ ઉત્કૃષ્ટરૂપ લઈ ચૂકી હતી.

લાભનો સમય અને લાભ લેવો એવી પ્રબળ ભાવના. એ લાભ લેનારા ભાવુકોની શુભ નામાવલી આ રહી આપણા બધાયના સામે.

સં. ૨૦૨૨ ફાગણ સુદી ૧

મોરખીઆ કાલીદાસ રાયચંદ હ. ખુમચંદ
શાહ પુનમચંદ અમરચંદ

શાહ ભીખાલાલ ભુતાચંદ હ. રાજમલ
શાહ મંછાલાલ અમરચંદ હ. પોતે
શાહ રમણીકલાલ લલ્લુભાઈ હ. પોતે
શાહ ગોરધનભાઈ પીતામ્બર હ. પોતે
શાહ અમુલખ મગનલાલ હ. સુરજમલ
શાહ પુનમચંદ અમરચંદ હ. કાન્તીલાલ
શાહ ભીખાલાલ વરધીચંદ હ. ચમનલાલ
શાહ મોહનલાલ હીરાલાલ હ. પોતે
મહેતા સુંદરલાલ છગનમલ હ. નાનાલાલ
શાહ પુનમચંદ અમરચંદ હ. પરસોતમ
શાહ ચુડાલાલ પુનમચંદ હ. પોતે

સં. ૨૦૨૨ ફાગણ સુદી ૫

શાહ ધનજીભાઈ મુળચંદભાઈ હ. પોતે
શાહ ભીખાલાલ વરધીચંદ હ. ચમનલાલ
મોરખીઆ મોહનલાલ ભાઈચંદભાઈ હ. પોતે
શાહ મોહનલાલ હીરાલાલ હ. પોતે
શાહ કકલદાસ હીરાચંદ હ. કીરતીલાલ
શાહ ભીખાલાલ કરમચંદ હ. જેઠાલાલ
શાહ મંછાલાલ અમરચંદ હ. પોતે
મોરખીઆ લલ્લુભાઈ ભાઈચંદભાઈ હ. પોતે
શાહ ધરમચંદ ઉમાભાઈ હ. દાહ્યાલાલ
શાહ ભીખાલાલ વહાલચંદભાઈ હ. રામચંદ
શાહ પુનમચંદ અમરચંદ હ. પોપટલાલ
શાહ રાજાભાઈ હઠીચંદ હ. કાન્તીલાલ
શાહ હીરાલાલ મુળચંદભાઈ હ. પોતે
શાહ પુનમચંદ પ્રેમચંદભાઈ હ. જયંતીલાલ

જૈન સંઘની સારી એવી વસ્તી છે. સમકિતગચ્છીય જૈન સંઘના તરફથી સ્વ. ગુરૂદેવના સમાધિ મંદિરનું નિર્માણ કામ થયું. ભાવ જાગ્યા, અને કામ થયું !

પ્રતિષ્ઠા માટે આચાર્યશ્રીને વિનંતી કરી. પ્રતિષ્ઠોત્સવ ખૂબ ધામધૂમથી થયો.

ઉલ્લાસથી લાભ લીધો.

સ્મરણીય ઉત્સવની સદાના માટે યાદ બની રહે તેવા આશયથી આ સંકલન કરવાની સંઘની ભાવના થઈ. આચાર્યશ્રીના આદેશથી આ કામ કરવાનું સ્વીકાર્યું !

અનેક પ્રકરણોમાં આ ઉત્સવને વણી લેવાયો છે.

ધન્ય ઉત્સવ, ધન્ય કારક, કારાપક અને ધન્ય છે અનુમોદનીય કાર્ય ! શુભમ્.



અયે ! સુરીલી સુર્તિકે, આશિક હમે ખુશ કીજીયે;
રટન કરતે હૈં સદા, સદ્બુધ્ધિ હમકો દીજીએ. અ૦ ૫

દયાસિન્ધો ! સદ્ગુરૂ ! નિત, હો યહિ હૈ પ્રાર્થના;
સૂરિ ભૂપેન્દ્ર શાસને યશ, પડહ–વાદ્ય સમર્થના. અ૦ ૬

ગુરૂદેવ ચૈત્યવંદન

[દોહા]

ગુરૂ જ્ઞાની ધ્યાની ગુરૂ, ગુરૂ હૈં જીવન પ્રાણ;
અક્ષય દાન દાતા ગુરૂ, માગો શિવપુર જાણ. ૧

ગુરૂ ત્રાયી ન્યાયી ગુરૂ, નાયક શુદ્ધ વિજ્ઞાન;
ગુરૂ નાયક ગુરૂ દેવતા, ભ્રાતા સુક્ખ નિધાન. ૨

ગુરૂ વન્દન રસ કૂંપિકા, તત્વ ભવન પરિમાણ;
ગુરૂ પ્રવચન માતા ગુરૂ, ગુરૂ પંડિત જગભાણ. ૩

ગુરૂ બ્રહ્મા વૈષ્ણુવ ગુરૂ, છેદન ભવિ ભય પીર;
ગુરૂ યોગી યોગીશ્વરા, મોહ ભગાવન વીર. ૪

ગુરૂ વંદન કરીયે સદા, ગુરૂ વિન નાહીં કોય;
સૂરીશ્વર રાજેન્દ્રજી, સુગુરૂ યતીન્દ્ર હોય. ૫

ગુરૂદેવ ચૈત્યવંદન

[દોહા]

ચિંતા ચૂરણ ગુણમણિ, વંદિત જેહ નરેન્દ્ર;
ઓશવંશ દીવાકરૂ, શોભિત સૂરિ રાજેન્દ્ર. ૧

શાસન સુરતરૂ સોહતા, કૃપાનિધી ગુણ ગેહ;
વન્દન કરો શુભ ચિત્તસે, સમકિત દાતા જેહ. ૨

ગુરૂવર નામ જપતાં થકે, સુન્દર સુખ વિલાસ;
ઉપદેશામૃત સીંચી કરે, ભવિક કમલ સુવિકાસ. ૩

સંવત ઉગણી ચઉશઠ વરસે,
ભાદ્રવ માસ ઉત્તર રે. મેરે૦ ૭
યતીન્દ્રવિજય કહે એ સ્તવ ભણસે,
પામશે ભવોદધિ પાર રે. મેરે૦ ૮

ગુરૂદેવ સ્તવન

[રાગ–ઉપરનો]

સૂરિ રાજેન્દ્ર દિલધાર રે, સેવો લહો સુખનકો. ટેર૦
આગમ જ્ઞાયક તુમ હો ગુરૂજી તરનતારન નિહાર રે. સે૦ ૧
સંશય ભવિજનકે હો વિદારણ કર્યો બહુ ઉપકાર રે. સે૦ ૨
કામ ક્રોધ સબ ઉપશમ કીના કુમતિ કુટિલ વિદાર રે. સે૦ ૩
આલસ રિપુકો દૂરજ કીનો વલિ કુસંગ પ્રચાર રે. સે૦ ૪
હિતકારક ઉપદેશ સુનાયો, કેઈ તરચા સ્વીકાર રે. સે૦ ૫
મારગ સમકિત શુદ્ધ બતાયો; સાધુજન હિતકાર રે. સે૦ ૬
કુમતિ કુલિંગ કો દૂર હટાઇ, સુત્રાગમ જિન ધાર રે સે૦ ૭
ગુણ ગાવે જો રાજેન્દ્રસૂરિકા પાવે સુખ ભરપુર રે. સે૦ ૮
મુનિ રસ નિધિ શશી વર્ષ ચોમાસે;
મુનિ યતીન્દ્ર દુઃખ દૂર રે. સે૦ ૯

ગુરૂદેવ ગુણાનુવાદ

[તો હિંદ કા ડંકા આલમમેં...રાગ]

શુદ્ધ સમકિત રોશન ભારતમેં, ચમકાયા રાજેન્દ્રસૂરિવરને;
જિન વચન સુધારસ ભકતોં કો, પિલવાયા શ્રીમદ્ ગુરૂવરને. ટે૦
મિથ્યાત્વ અજ્ઞાન મિટા કરકે, સત્પંથ બતાયા ગુરૂવરને;
શુદ્ધ દેવ ગુરૂ ધર્મ યા જગમેં, દિખલાયા શ્રીમદ્ ગુરૂવરને. ૧

ત્યાગ તપસ્યા ઉત્કૃષ્ટ હતી આપની,
તેહના બળથી રાજા રાણા અંજાય જો;
ચમત્કારી સંસ્મરણો પણ છે ઘણા,
કુક્ષી સિયાણાના દેખો સત્ય દષ્ટાંત જો. વિરલ વિભૂતિ૦ ૫
જીવની આખી સાહસથી ભરપૂર છે,
સ્વર્ણાક્ષરમાં જ્વલંત ખૂબ પ્રમાણ જો;
સંયમી જ્ઞાની સદ્ધ્યાની જગમાં થયા,
અદ્ભૂત યોગી યશસ્વી ગુરુરાજ જો. વિરલ વિભૂતિ૦ ૬
ઉજ્વલ જ્યોતનું વર્ણન પણ હું શું કરું,
વર્ણન કરતા દેશ વિદેશી વિદ્વાન જો;
સત્ય સિદ્ધાન્તનો પ્રચાર કરવાની મને,
શક્તિ ને સામર્થ્ય દેજો આપ જો. વિરલ વિભૂતિ૦ ૭
ઓ યુગદષ્ટા! સાહિત્યદષ્ટા સુષ્ટા આપને!
ભાવ સહિત સહુ વંદીયે શીશ નમાય જો;
અર્ધશતાબ્દી સમયે આ સ્મરણાંજલી,
'જયન્ત' કરીને પામીએ આનંદ પૂરજો. વિરલ વિભૂતિ૦ ૮

ગુરૂગુણ ગાથા

[તો હિંદ કા ડંકા આલમમેં...રાગ]

સમ્યક્ત્વ કા ઝંડા આલમમેં, લહરાયા રાજેન્દ્રસૂરિવરને;
સદ્દયા પંથ પર ચાલનકો, સમજાયા રાજેન્દ્રસૂરિવરને. ટેર

ગુરૂ ભરતપુર મેં જન્મ લિયા, સુત ઋષભદાસજી જાનલિયા;
પય કેશરી માતકા પાન કિયા, સમજાયા રાજેન્દ્રસૂરિવરને. ૧

બચપનસે હી બ્રહ્મચારી થે, ગુરૂ શુભ ગુણકે ભંડારી થે;
પૈદલ પન્થકે વિહારી થે, સમજાયા રાજેન્દ્રસૂરિવરને. ૨

શુદ્ધ દેવ ગુરૂ અરૂ ધર્મ સહી, રહસ્ય ભાવ હૈ જિસકે મહીં;
લક્ષ પ્રાણીકો પ્રતિબોધ દઈ, સમજાયા રાજેન્દ્રસૂરિવરને. ૩

બની અણગાર કઇ જનને, નવી પ્રમાદ આલમને;
દે વાણી ભવિકજનને, તનુને ઉદ્યમી કરજો. વિ૦ ૨
નથી લોભી નથી માની, નથી ક્રોધી થવું પ્રાણી;
વદો મીઠી સદા વાણી, ભલી સુખ સંતતિ કરજો. વિ૦ ૩
બનો સદ્ગુણી બનો નેતા, બનો ધ્યાની બનો દાતા;
બનો પ્રેમી બનો નામી, ભલા ગુણજ્ઞાનને ધરજો. વિ૦ ૪
રટો પ્રભુપાર્શ્વ ગુણધામી, વરો મંગલ સુખારામી;
રાગ અરુ દ્વેષને વામી, દેવ શુદ્ધ ચિત્તમાં ધરજો. વિ૦ ૫
વિજયરાજેન્દ્રસૂરિ રાજા, સ્વર્ગમાંહે થયા તાજા;
ગુરુસપ્તમી દિવસ ઝાઝા, ઓચ્છવ શુભ કાજને કરજો. વિ૦ ૬
વાગરા નગર બડભાગી, સૂરીધનચંદ્ર વપુ ત્યાગી;
થઇ સુરલોક સુખરાગી, સંઘના વિઘ્નને હરજો. વિ૦ ૭
ગુરુજ્યોત વર્ષકે અંદર, વેદ સઙ નવ શશી સુંદર;
સૂરી ભૂપેન્દ્ર મુનિમંડળ, હર્ષને ધ્યાનમાં ધરજો. વિ૦ ૮

આવી જયંતી આજ...!

[મંગલમય નવકાર જીવનમાં...રાગ]

આવી જયંતિ આજ ગુરૂની આવી જયંતિ આજ,
મનાવે સર્વ સમાજ ગુરૂની આવી જયંતિ આજ.
સૂરિ રાજેન્દ્રજી ગુરૂવર જ્ઞાની, દુર કર્યો અંધકાર.
ગુરૂની૦ ૧
ધન્ય નગર ધન્ય માતને તાત, ધન્ય જિન શાસન ભાણુ.
ગુરૂની૦ ૨
ત્યાગી તપસ્વી સાહિત્ય સર્જક, માર્ગ બતાવ્યો સુજાણ.
ગુરૂની૦ ૩

અદ્ભુત યોગી, વીરલ વિભુતિ, સકલ ગુણમણી ખાણ.
ગુરૂની૦ ૪

ભાવના ભક્તિ ભરેલા હૈયે, ગાવું ગુરૂ ગુણ ગાન.
ગુરૂની૦ ૫

યતીન્દ્ર ગુરૂને વંદન કરતા, 'જયંત' જ્યોતિ અપાર.
ગુરૂની૦ ૬

ગુરૂવર ચરણે નમો !
[મેરી રંગ લાગ્યો રે.. રાગ]

ગુરૂ જયંતિ આજ છે, સહુ ગાવો ગુરૂ ગુણ ગાન રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ જયંતિ૦

વિશ્વ વિખ્યાત ગુરૂદેવશ્રી, શ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

અઢારસો ત્યાસી જન્મ ભરતપુર, ઋષભ કેશર કુળદીપ રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

ઓગણીસસો ચાર ભર જુવાનીમાં, કર્યો સંયમ સ્વીકાર રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

જૈન આગમના ઊંડા અભ્યાસી, થયા જ્ઞાની મહાન રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

વધી શિથિલતા યતિવરોમાં ને થયો શિથિલ સમાજ રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

ઓગણીસ બાવીસ ક્રિયા ઉદ્ધાર કરી, હટાવ્યો શિથિલાચાર રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

માર્ગ બતાવ્યો સાચો સહુને, કર્યો બહુ ઉપકાર રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

સાહિત્ય સર્જન જ્ઞાનનું અર્જન, કર્યું અહોનિશ ધ્યાન રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦
રાજેન્દ્ર કોશ છે લખ્યો અનુપમ, ભર્યો અખૂટ ભંડાર રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦
ઉત્કૃષ્ટ ચારિત્ર પાળ્યું જીવનભર, ધન્ય ધન્ય અવતાર રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦
ઓગણીસ ત્રેસઠ પોષ સુદિની, સાતમે સ્વર્ગ નિવાસ રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦
મોહન ખેડા ધામ મનોહર, પ્રેરણા દે દિનરાત રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦
રાજનગરમાં ગુરૂ જયંતિ, મનાવી અતિ ઉલ્લાસ રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦
વંદન કરતો સદ્‌ગુરૂવરને, 'જયંત' શીષ નમાય રે,
ગુરૂવર ચરણે નમો. ગુરૂ૦

દેખો દેખો રે જીવનની ગુરૂરાજની...!

(નિર્બળ સે લડાઇ બળવાનકી...રાગ)

દેખો દેખો રે જીવની ગુરૂરાજની,
જિન શાસનમાં શિરતાજની. દેખો દેખો૦
નગરી ધન્ય ભરતપુર, ગોત્ર પારેખ મશહૂર,
જે કૂળ દીપક દયાલ રે,
માતા કેશરીના પ્યારા, ઋષભ નયન દુલારા,
પોષ સુદિ સપ્તમી જન્મધાર રે,
જાણી સંસાર અસાર, છોડી સ્નેહી પરિવાર,
અહી ડગરિયાં મુક્તિરાજની. જિન શાસનમાં.
દેખ્યો યતિઓમાં પ્રચાર, અતિ શિથિલ આચાર,
એવું દેખી દિલ એમનું દુભાય રે,

દેખો ગઢ છે જાલોર, ઉપર જૈનોના મંદિર,
શસ્ત્ર ભરી રાજ્યગધિકાર જમાય રે,
જઈ એહુને હટાવી, મંદિર ઉદ્ધાર કરાવી,
જૈન સંસ્કૃતિ રક્ષણહારની. જિન શાસન૦
કોશ રાજેન્દ્રાભિધાન, લખ્યો એમણે મહાન,
કર્યો વિશ્વ ઉપર ઉપકાર રે,
આવું નિર્મળ જીવન, કરી આયુષ્ય સંપૂર્ણ,
મોહનખેડામાં સ્વર્ગ સિધાર રે,
ગુરૂદેવ શ્રી રાજેન્દ્ર! વંદન ચરણે યતીન્દ્ર,
મુનિ જયન્તના તારણહારની. જિન શાસન૦

